# એકમેકને ઓળખવાનો


**વર્ષ-૨ ● અંક-૬**

**ઓગસ્ટ / સપ્ટેમ્બર – ૨૦૦૭**

☆

**તંત્રી**

હંસરાજ કંસારા

☆

**તંત્રી મંડળ**

અતુલ સોની (૯૮૨૫૦ ૩૦૧૪૦)

કુ. એકતા કટ્ટા - અંજાર (૯૮૭૯૧ ૯૪૩૩૪)

☆

**વ્યવસ્થાપક સમિતિ**

શૈલેષ કંસારા - ભુજ (૯૮૨૫૦ ૧૨૫૦૩)

પ્રશાંત બીજલાની

જયમીન જે. સોની

સૂર્યકાંત સોની

તુલસીદાસ કંસારા

☆

**માનદ્ સંયોજક**

પી. જી. સોની (ભુજ)

☆

**મુખપૃષ્ઠ ડિઝાઈન**

શ્રી જયેશ ઘડીયાળી

પ્રિન્ટોગ્રાફી, અમદાવાદ.

☆

**કાર્યાલય : ધવલ જ્વેલર્સ**

૧૪, ચાંલ્લા ઓળ,

માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન : (૦૭૯) ૨૨૧૪૪૦૦૮

☆

**મૂલ્ય : રૂા. ૨૦/-**

**વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-**

☆

**E-mail** : gnatisetu@rediffmail.com


'જ્ઞાતિ સેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી....

૨૦૦૪ની ૧૫મી ઓગસ્ટે સેતુનો પ્રવેશાંક પ્રગટ થયો. આજે સેતુ એના ચતુર્થ વર્ષમાં પ્રવેશ કરે છે.

એક નાનકડો સમાજ, જેના સભ્યો જૂજ સંખ્યામાં દેશ વિદેશમાં છૂટાછવાયા પથરાયેલા હોય તેમને વાંચકો તરીકે લક્ષમાં રાખીને કોઈ સામયિકનું નિયમિત પ્રકાશન પરવડી શકે કે કેમ – તેવી અનેક શંકા કુશંકાઓ છતાં 'સેતુ'નું પ્રકાશન થયું. એટલું જ નહીં, એના પ્રત્યેક અંકે પ્રગતિના પગથિયા પાર કરતું, સામૂહિક પ્રોત્સાહન મેળવતું, એ આગળ વધ્યું અને આજે એ સૌ કોઈનું માનીતું થયું છે. વાંચકોએ એને વહાલથી વધાવ્યું છે. મહાનગરોથી લઈને કચ્છ અને અન્યત્ર અનેક નાના મોટા કસબા અને ગામડા સુધી એ પહોંચી ગયું છે. સેતુની આ સફળતાના યશભાગી છે, આપણા સમાજના પ્રબુધ્ધ વડીલો, સહૃદય શ્રેષ્ઠીઓ અને સમર્પિત સાથીઓ, જેઓ સેતુને સમાજના પ્રત્યેક પરિવાર સુધી પહોંચાડવા પ્રયત્નશીલ છે. આ સમાજલક્ષી સજ્જનોએ સમયની માંગ સમજી સેતુ પ્રકાશનના વિચારને વજૂદ આપ્યું. પ્રવેશાંક પ્રાગટ્ય સમયે જ્ઞાતિ ગુરૂઓ અને જ્ઞાતિજનોની હાજરીમાં એમનો સહૃદય સાથ પુરાવ્યો.

આ ત્રણ વર્ષ દરમ્યાન વાંચકો, ખાસ કરીને મહિલાઓ, બાળકો અને યુવાનોએ, જે રીતે સેતુને આવકાર્યું છે, તે જોતાં અમારૂં મનોબળ મજબૂત થયું છે. આપણા જાગૃત સમાજ પ્રત્યેનો અમારો વિશ્વાસ દ્રઢ થયો છે. અમને ખાતરી છે કે 'સેતુ' એના પાંચમા વર્ષે દેશ-વિદેશમાં વસતા આપણા સમસ્ત પરિવારોને દર માસે ઘેર બેઠા મળતું થશે. દરમ્યાનમાં સેતુના વાંચકોને આવાહન. અત્યાર સુધીમાં પ્રકાશિત સેતુના અંકોમાં જે વિશેષ વ્યક્તિઓના પરિચયો અપાયા છે તેની યાદી મોકલે. જેની યાદી સંપૂર્ણ હશે તેને સેતુ તરફથી યોગ્ય ઈનામ આપવામાં આવશે. તેમજ યાદી મોકલનાર સર્વે વાચકોના નામ પ્રકાશિત કરવામાં આવશે.

આપણા સમાજના મહામંડળે પણ એનું એક વર્ષ પૂર્ણ કર્યું છે. પ્રારંભિક સંગઠનલક્ષી કાર્યવાહીઓ ઉપરાંત સમાજલક્ષી, પ્રાયોજીત પ્રવૃત્તિઓના પ્રથમ પગલે મંડળ દ્વારા, યુવા-પરિચય મેળાનું આયોજન થયું છે, જેની વિગતો આ અંકમાં પ્રસ્તુત છે. અમને વિશ્વાસ છે કે, આપણા યુવાનો એનો પ્રોત્સાહક પ્રતિસાદ આપશે. અસ્તુ.

| | | |
|---|---|---|
| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
| **માનદ્ મંત્રી** | **પ્રમુખ** | **મુખ્ય તંત્રી** |

# સુભાષિત ચિંતન

*दाक्षिण्यं स्वजने दया परजने शाठ्यं सदा दुर्जने ।*
*प्रितिः साधुजने नयो नृपजने विद्वज्जनेष्वार्जवम् ॥*
*शौर्यं शत्रुजने क्षमा गुरुजने नारीजने धूर्तता ।*
*ये चैवं पुरुषाः कलास् कुशलास्तेष्येव लोकस्थितिः ॥*

***ભર્તૃહરિ રચિત નીતિશતકમાંથી***

અર્થાત્ સ્વજનો પ્રત્યે સૌજન્ય, બીજા લોકો પ્રત્યે દયા, દુર્જનો પ્રત્યે સદાય શઠતા, સજ્જનો ઉપર પ્રેમ, રાજાઓ પ્રત્યે નીતિમત્તા, વિદ્વાનો તરફ નમ્રતા, શત્રુઓ પ્રત્યે શૌર્ય, વડીલો પ્રત્યે ક્ષમા, સ્ત્રીઓની બાબતમાં ધૂર્તતા - જે પુરૂષો આ પ્રમાણેની કળાઓમાં કુશળ છે તેમના ઉપર જ લોકવ્યવહાર (ટકી રહેલો) છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાને કહ્યું છે કે, “” માણસ બધી રીતે મારા જ માર્ગનું અનુસરણ કરે છે.” આ અનુસરણ એટલે લોકવ્યવહાર. ઉપરોક્ત બધી જ સૌજન્ય, દયા, શઠતા, પ્રેમ, નીતિમત્તા, નમ્રતા, શૌર્ય, ક્ષમા અને ધૂર્તતા જેવી કળાઓમાં ભગવાન શ્રીકૃષ્ણ નિપુણ હતાં, તે તેમનાં જીવન ચરિત્રથી સ્પષ્ટ થાય છે. અને આ બધી કળાઓ પ્રત્યેક માણસમાં મૂળભૂતરૂપે ઓછા-વધુ પ્રમાણમાં રહેલી હોય છે. પરંતુ ઉપરોક્ત સુભાષિતમાં તે બધી જ કળાઓનો ઉપયોગ તથા વિકાસ કેમના પ્રત્યે કરવો તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ કળાઓની કુશળતા તેના ઉપયોગના પ્રકાર ઉપર નિર્ભર કરે છે. અન્યથા કંસમાં પણ તે બધી કળાઓ હતી, પરંતુ તેનું કૌશલ્ય માનવીય જીવન માટે અભિશાપ સિધ્ધ થયું અને શ્રીકૃષ્ણનું કૌશલ્ય વરદાન. આપણી અંદર પણ એ બધી જ કળાઓ સુપ્ત કે જાગૃત અવસ્થામાં રહેલ જ છે અને આપણા સમક્ષ શ્રીકૃષ્ણ અને કંસ બંનેના જીવનચરિત્રો પણ છે જ. માત્ર દૃષ્ટિકોણ નિયત કરવો છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનો ઉપરોક્ત શ્લોક શ્રીકૃષ્ણનાં દૃષ્ટિકોણ નિયત કરવા સૂચન કરે છે અને અંતે આધુનિક કાળમાં ઘણા જ કુશળ વ્યક્તિત્વોની શ્રીકૃષ્ણ સરીખા બનવાની સલાહ તો સાંભળી જ છે... તો ઉપરોક્ત સુભાષિતની કળાઓ અને શ્રીકૃષ્ણ જીવન ચરિત્ર વાગોળતાં આ ‘જન્માષ્ટમી’ સાર્થક કરીએ.

***કુ. એકતા કટ્ટા - અંજાર***

# શ્રધ્ધા

***યા દેવી સર્વ ભૂતેષુ, શ્રધ્ધા રૂપેણ સંસ્થિતા***
***નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ***

સત્યથી પૃથ્વી અને શ્રધ્ધાથી માનવજીવન સ્થિર છે. દરેક માનવીના જીવનમાં શ્રધ્ધા હોય છે. શ્રધ્ધા એટલે વિશ્વાસ, ભરોસો. જે વિશ્વાસથી જ કુટુંબ, સમાજ, વેપાર, વણજ તથા રાષ્ટ્ર ચાલી રહ્યું છે. દા.ત. થોડોક શ્રધ્ધાનો અભાવ હોવાથી કુટુંબ કે સમાજમાં તેનું પરિણામ જોવા મળે છે. પણ તેનો નાશ નથી. માટે માનવ જીવન જ શ્રધ્ધાને પાત્ર છે.

શ્રધ્ધા સ્ત્રીવાચક શબ્દ છે. એટલે કે જેટલી શ્રધ્ધા સ્ત્રીઓમાં જોવા મળે છે તેટલી પુરૂષોમાં જોવા નથી મળતી કારણકે નારી જ શ્રધ્ધા, દયા, ક્ષમા, પ્રેરણા એ સર્વેમાં શ્રેષ્ઠ છે. આપણે એકબીજા ઉપર વિશ્વાસ રાખીએ તો જ પરસ્પર સદ્‌ભાવનાથી રહી શકીએ. સમાજની પણ સંપૂર્ણ વ્યવસ્થા એકબીજાના વિશ્વાસ પર ટકી રહેલી છે. શ્રધ્ધાથી જીવન સાર્થક થાય છે. આપણે ઋષિમુનિ, મહર્ષિઓ, સંતોએ શું કર્યું હતું? સમાજમાં એમણે જ તો શ્રધ્ધાના બીજ વાવ્યા હતા. આ બીજથી જ તો સદ્‌ગુણોનો આપણા ભારતમાં તેમજ સમાજમાં સર્વાંગી વિકાસ થયો છે. શ્રધ્ધા, વિશ્વાસ અને પ્રેમ દરેક મનુષ્ય જીવને કામ કરવાની શક્તિ આપે છે. શ્રધ્ધા વિના આપણે કોઈ પણ કાર્ય પૂરૂં કરી શકીએ નહીં. માટે જો આપણને કોઈ કાર્ય કરવાનો અવસર મળે તો પૂર્ણ શ્રધ્ધાભાવથી કરીએ. જો કાર્યમાં શ્રધ્ધા હોય તો જ એકાગ્રતા આવે છે.

શ્રધ્ધા વિશેની એક સત્ય ઘટના જે મારા એક સ્નેહીભાઈ પાસેથી સાંભળેલ છે,તે આ ઘટના આશરે ૩૦થી ૩૫ વર્ષ પહેલાની છે.

એક બાળક ઉંમર વર્ષ ૧૩ થી ૧૪. તેની માતા એકાએક મૃત્યુ પામી. રાત્રિના આઠ વાગે જ્યારે તેણે જોયું કે પોતાની માં ને નીચે જમીન પર પટ પથારી આપી દીધેલ છે અને દૂર ગામડામાં તેના સગા સંબંધીને જાણ માટે માણસ મોકલવામાં આવ્યા છે. ત્યારે આ બાળકને તેની માતા મૃત્યુ પામી છે તે વાત સાચી જ લાગી. હવે પોતાના મનથી થયું કે મારૂં દુનિયામાં કોણ? માં હતી, તેને પણ ભગવાને બોલાવી લીધી. તે શૂન્ય થઈ ગયો. અને તેણે ઘરની બહાર દોટ મૂકી અને ગયો સાધુ પાસે, જે ગામની બહાર એક ઝુંપડીમાં રહેતો હતો. તે સૂમસામ રસ્તામાં કોઈ એકલો જતો નહીં. પણ આ બાળકને પેલા સાધુ મહાત્મા પર શ્રધ્ધા હતી. તે ત્યાં જઈ સાધુના ખોળામાં માથું રાખી ખૂબ રડ્યો. લગભગ અડધો કલાક તેનાથી કંઈ બોલી શકાયું નહીં. સાધુએ તેના માથા ઉપર હાથ ફેરવી ધીરેથી બાળકની બધી વાત સાંભળી અને ધૂણીમાંથી ભભૂત કાઢી એક પડીકી બનાવી બાળકને આપી અને કહ્યું કે આ ભભૂતિ આપું છું. પાણીમાં નાખી તારી માતાને પીવડાવી દેજે. બાળક પોતાના ઘરે આવી એક કપમાં પાણી નાખી તેમાં ભભૂત નાખી હલાવી, પોતાની માતાના મુખમાં રેડવા જાય છે તો તેના સંબંધી વિરોધ કરે છે અને કહ્યું કે તારી માતા હવે જીવિત નહીં થઈ શકે. પણ બાળકને પેલા સાધુ પર અતૂટ શ્રધ્ધા. તેણે કોઈનું પણ સાંભળ્યું નહીં અને ભભૂતવાળું પાણી માતાના મુખમાં ધીરે ધીરે રેડતો ગયો. રાત વીતી ગઈ. લગભગ ચાર વાગે તેની માતાએ પડખું ફેરવ્યું અને આંખ ખોલી. તે જીવિત થઈ ગઈ અને બાળક તેની માતાને ભેટી પડ્યો. આ શ્રધ્ધાનું ફળ કરેલ, તે બાળક અત્યારે ૫૦ વર્ષની ઉંમરનો છે. તેણે કહ્યું કે મારી માતા પછી નવ વર્ષ જીવી.

શ્રધ્ધાથી ઓતપ્રોત બનેલો મનુષ્ય પોતાના જીવનમાં જે કાંઈ કરે છે તે કાર્યમાં તેને અવશ્ય સફળતા પ્રાપ્ત થાય છે. શ્રધ્ધા દ્વારા જ આત્મા બળવાન બને છે.

અત્યારે જે ૫૦ વર્ષની ઉંમરનો છે તે બાળક જ મારો સ્નેહી ભાઈ.

***શ્રીમતી શાંતાબેન અમૃતલાલ બારમેડા - અંજાર***

# વિચારનું વાવેતર

## આપણી જ્ઞાતિને સંગઠિત રાખવા માટેના વિચારો

આપણી કંસારા સોની જ્ઞાતિ સોના-ચાંદી તેમજ વાસણના વ્યવસાય સાથે સંકળાયેલી છે અને વ્યવસાયમાં સ્ત્રીવર્ગ સાથે વધારે સંબંધ ધરાવે છે. સ્ત્રીના વિચારો, સ્ત્રીના વ્યવહાર, સ્ત્રીની અભિરૂચિ, આદત, દૃષ્ટિકોણની છાપ જોવા મળે છે. પરંતુ આપણી જ્ઞાતિમાં શિક્ષણનો ફેલાવ, સમય પરિવર્તન સાથે વિચારોમાં પરિવર્તન આવેલ છે. જ્ઞાતિ ભાઈ-બહેનોને હવે સમયની સાથે એકતા સંગઠિત બનીને રહેવું જેવા વલણો સ્પષ્ટ થવા લાગ્યા છે.

આપણી જ્ઞાતિમાં ગામ, તાલુકા, જીલ્લા તેમજ અખિલ ભારતીય સોની સમાજ લૅવલે સંગઠનની સ્થાપના કરીને જ્ઞાતિના કાર્યો કરી સોની સમાજને વિકાસની તરફ દોરવણી, માર્ગદર્શન મળે છે. મહિલા જાગૃતિ માટે દરેક સ્થળે મહિલા મંડળોની સ્થાપના કરી મહિલાઓમાં રહેલી સુષુપ્ત શક્તિને બહાર લાવવા પ્રયત્ન થઈ રહ્યા છે. યુવક-યુવતીઓમાં જે શક્તિ છે, તેને બહાર લાવવા માટે યુવક મંડળો પણ કાર્યરત છે. આપણું યુવાધન આપણી જ્ઞાતિને ઉપયોગી બને, આપણી જ્ઞાતિને આર્થિક, સામાજીક, ધાર્મિક તેમજ સાંસ્કૃતિક રીતે કાર્યક્રમ યોજીને આપણામાં રહેલી શક્તિઓ બહાર લાવીને સારૂં નામ કમાવે તેવા પ્રયત્નો પણ આદર્યા છે, જે ધન્યવાદને પાત્ર છે.

જ્ઞાતિને સંગઠિત રાખવા માટે 'જ્ઞાતિ-સેતુ' ઉત્કૃષ્ટ કાર્ય કરે છે. ભારતમાં તેમજ વિદેશમાં વસતા આપણા જ્ઞાતિ ભાઈ-બહેનોની સંપૂર્ણ માહિતી 'જ્ઞાતિ-સેતુ' પ્રગટ કરીને માહિતગાર કરે છે. આ માટે હું અતુલભાઈ સોનીને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. આપણી જ્ઞાતિના વીરલાઓ કઈ કઈ જગ્યાએ, કેવા પદ પર કાર્ય કરે છે, કેટલી પ્રગતિ કરી છે, તેની ચિત્રસહિત માહિતી આપીને સમાજને એકરૂપ થવામાં ઘણો ફાળો આપેલ છે, જે ખરેખર હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરૂં છું.

આપણી જ્ઞાતિની સંગઠનની વ્યવસ્થા ખૂબ સારી રીતે કરાઈ છે પણ અમુક ભાઈઓ તેમને ઉપયોગી નથી માનતા. આપણી જ્ઞાતિનો દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે. આપણી જ્ઞાતિના વિચારો પણ અમુક ભાગે ટૂંકા છે. જેનાથી આપણને જ નુકસાન છે. દરેક ભાઈ-બહેન પરિવારમાં ભાગની ભાવના ટાળી, અરસપરસ ઉપયોગી અને અનુકૂળ બનવાનો પ્રયત્ન કરીએ તો કુટુંબ કલેષને ટાળી શકાય. પરિવારની એકતા - આપણા સમાજની એકતા, સમાજ પ્રત્યે આદરભાવ હોવો જોઈએ. સમાજને ઉપયોગી થઈ શકાય તેવા પ્રયત્નો કરવા જોઈએ જેથી સમાજ સમૃધ્ધ બને, સમાજને ગતિ મળે તો જ પ્રગતિ થાય. જ્ઞાતિને સંગઠિત અને વિકસીત કરવા માટેના પ્રયાસો - અભિપ્રાય.

*કુ. વિદુલા કાંતિલાલ કટ્ટા - આદિપુર*

## શ્રી અખિલ ભારતીય કંસારા સોની જ્ઞાતિ મહામંડળની પ્રગતિ અંગે સૂચનો

➢ આપણી જ્ઞાતિના આખા ભારતમાં થઈને ૨૫૦૦થી ૨૭૦૦ ઘર છે. લગભગ તો દરેક ઘર દીઠ એક સભ્ય મહામંડળનો સભ્ય થાય તેને જ મહામંડળના દરેક લાભ તથા હક્કો મળી શકે – જેવા કે મેડિકલ સહાય અથવા શિક્ષણક્ષેત્રે અથવા મંડળના જે કંઈ કાર્ય કરે તેને મંડળનો લાભ મળી શકે.

➢ જેમ લાણેદાર જ્ઞાતિમાં લાણેદાર થવા જેમ ગૌરવ અનુભવે છે, તે મહામંડળના સભ્ય થવામાં પણ ગર્વ અનુભવશો.

➢ કુટુંબદીઠ વાર્ષિક ૧૦૦ રૂા. ફી રાખીને સભ્ય બનાવવાના અને કુટુંબના દરેક નામ લખાવીને તેને એક ઓળખપત્ર આપવું. મહામંડળ સભ્ય ફોર્મ છપાવે. તેમાં સભ્ય થનાર સભ્યે પોતાના હાથે ફોર્મ ભરીને જે તે લગતા કારોબારીના સભ્યને આપે. મહા સંમેલનમાં આવવાનું ઘરના દરેક સભ્યને હક્ક રહે જેથી એકબીજાને દરેક સભ્યો ભાઈ-બહેનો ઓળખી શકે અને વહેવારી કામોમાં પણ ઉપયોગી થઈ શકે.

➢ ત્રણ વર્ષે મહામંડળનું સંમેલન બોલાવવું. ને સંમેલન મળે ત્યારે જે કોઈ પણ ખર્ચ થાય તે સભ્ય ફી માંથી ભરપાઈ થઈ શકે.

➢ જ્યારે (કચ્છ) પૂરતા તો લગભગ એકબીજાને ઓળખતા હોય પણ જે કચ્છથી બહાર રહેતા હોય તેને વહેવારીક કામોમાં મુશ્કેલી પડે છે. આપણી જ્ઞાતિ નાની છે અને આખા ભારતમાં તથા વિદેશમાં પથરાયેલી છે.

➢ સમગ્ર મહામંડળનું વસ્તીપત્રક બનાવવું ખૂબ જરૂરી છે. વસ્તીપત્રકની થતી ફી લઈને મહામંડળ વેચાણમાં મૂકી શકે. નાના માણસો પણ મંડળના સંપર્કમાં રહી શકશે.

➢ આ વસ્તીપત્રક એકબીજાની ઓળખ માટે છે. આજે પણ સારા છોકરા-છોકરીઓ કુટુંબને ન ઓળખી શકવાના વાંકે યોગ્ય પાત્ર મેળવી શકતા નથી. કારણકે પછી ઉંમરનો પ્રશ્ન થાય છે. પછી જે મળે તે અપનાવી લે છે. ઉતાવળમાં સગપણ તૂટવાના અને લગ્ન ફોક થવાના પ્રશ્નો ઊભા થાય છે. માટે એકબીજાને યોગ્ય પાત્ર મળી શકે માટે મહામંડળ જલ્દીથી વસ્તીપત્રક બહાર પાડે તે જરૂરી છે.

➢ અમારે સાબરકાંઠામાં એક નાનું ૮૦ ઘરોનું મંડળ અસ્તિત્વમાં આવવાથી એકબીજાની લાગણી ને પ્રેમ વધ્યા છે અને તેમાં સારી પ્રગતિ કરી શકે છે.

*તો મહામંડળને મારૂં નમ્ર સૂચન છે કે ઉપર મુજબમાં કંઈપણ ફેરફાર લાગે તો ફેરફાર કરીને અમારા સૂચન વિશે વિચારે.*

*જે. જે. સોની બારમેડા - તલોદ (સાબરકાંઠા)*

# સેતુને સવાલ

*જ્ઞાતિજનોના સાથ-સહકારથી "સેતુ" જ્ઞાતિના ઘણા ઘરોમાં માનભર્યું સ્થાન પામી શક્યું છે. વધારેને વધારે જ્ઞાતિજનો સેતુ વિશે માહિતી મેળવવા આતુર છે ત્યારે જ્ઞાતિજનો દ્વારા કેટલાક સવાલો અવારનવાર પૂછવામાં આવતા હોય છે. આશા છે, અત્રે રજૂ થયેલ સવાલ-જવાબથી વાંચકોને જ્ઞાતિસેતુ વિષે જરૂરી માહિતી મળી શકશે.*

*- વ્યવસ્થાપક સમિતિ*

***સવાલ : જ્ઞાતિસેતુ ક્યારે અને ક્યાંથી પ્રસિધ્ધ થાય છે?***

*જવાબ :* જ્ઞાતિસેતુ શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ દ્વારા દર બે માસે એટલે કે જાન્યુઆરી, માર્ચ, મે, જુલાઈ, સપ્ટેમ્બર તથા નવેમ્બર માસની પાંચમી તારીખે પ્રસિધ્ધ થાય છે.

***સવાલ : જ્ઞાતિસેતુના લવાજમની વિગત જણાવશો.***

*જવાબ :* જ્ઞાતિસેતુનું વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-, બે વર્ષનું લવાજમ રૂા. ૧૭૫/- અને ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૨૫૦/- છે. લવાજમની રકમ સેતુના માનદ્ પ્રતિનિધિઓ પાસે અથવા અમદાવાદ કાર્યાલયના સરનામે (સ્થાનિક કક્ષાએ) નામ-સરનામાની પૂરી વિગત સાથે જમા કરાવવાથી સેતુ પરિવારના સભ્ય થઈ શકાય છે. વર્ષના ગમે તે મહિનામાં લવાજમ ભરી સભ્ય થઈ શકાય છે. ત્યારબાદના વર્ષના લવાજમ રીન્યુઅલનો હિસાબ નાણાંકીય વર્ષ મુજબ એટલે કે એપ્રિલથી માર્ચ મુજબ કરવામાં આવશે.

***સવાલ : જ્ઞાતિસેતુ કઈ રીતે મોકલવામાં આવે છે?***

*જવાબ :* જ્ઞાતિસેતુ ટપાલ દ્વારા મોકલવામાં આવે છે. આથી લવાજમ ધારકે પોતાનું સરનામું પીનકોડ નંબર સાથે ચોક્સાઈપૂર્વક જણાવવા વિનંતી છે. સરનામું બદલાય ત્યારે પણ સેતુ કાર્યાલયને પત્ર લખી જાણ કરવી જરૂરી છે.

***સવાલ : ટપાલમાં ઘણી વખત અંકો મોડા શા માટે મળે છે?***

*જવાબ :* જ્ઞાતિસેતુની તમામ નકલો એકસાથે અમદાવાદથી પોસ્ટ કરવામાં આવે છે. આમ છતાં સ્થાનિક કક્ષાએ ટપાલ કચેરી દ્વારા વિલંબ થાય છે તેમ જાણવા મળેલ છે. આથી અંક પ્રસિધ્ધ થયાની ઉપર જણાવેલ તારીખથી દસ દિવસમાં અંક ના મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં સંપર્ક કરવાથી માહિતી મળી શકે છે. આમ છતાં વધારે વિલંબ થાય તો સેતુ કાર્યાલયને જાણ કરવા વિનંતી છે. વિશેષમાં આપને ત્યાં આવેલ અંક પરના સરનામાની ચોક્સાઈ કરવી તથા લેબલ પર દર્શાવેલ નંબર સેતુ સાથેના પત્ર વ્યવહારમાં જરૂર દર્શાવશો જેથી જરૂરી કાર્યવાહી થઈ શકે.

***સવાલ : જ્ઞાતિસેતુ માટે લખાણ કેવી રીતે અને ક્યાં મોકલવા?***

*જવાબ :* જ્ઞાતિજનો દ્વારા લખાયેલ લેખો, કાવ્યો કે લખાણોને પ્રસિધ્ધ કરવાની જ્ઞાતિસેતુની હંમેશા નીતિ રહેલ છે. લખાણ મોકલનાર માટે ખાસ વિનંતી કે :

- લખાણ હંમેશા પાનાની એક જ બાજુ સ્પષ્ટ અક્ષરોમાં લખી મોકલવું.
- કોઈ ફોટોગ્રાફ મોકલાવવામાં આવે ત્યારે ફોટાની પાછળ નામ તથા વિગતો અચૂક લખવી.
- ક્વીઝના જવાબો પોસ્ટકાર્ડ દ્વારા મોકલાવી શકાય છે. તેથી તે માટે વધારે ખર્ચ ન કરવો.
- લેખ, કાવ્ય, ક્વીઝ વિ. એક જ પાના પર એક સાથે ન લખવા. દરેક કૃતિ અલગ પાના પર લખવી. જેથી યોગ્ય સમયે જે તે વિભાગમાં તે કૃતિ પ્રસિધ્ધ થઈ શકે.
- આગામી અંકમાં પ્રસિધ્ધ થવા માટેના લખાણો અંક પ્રસિધ્ધ થવાના પંદર દિવસ પૂર્વે સુધીમાં જ મળી જવા જોઈએ. ત્યારબાદ આવેલ વિગતો તે પછીના અંકમાં પ્રસિધ્ધિ માટે લઈ શકાશે. જેની ખાસ નોંધ લેજો.
- જ્ઞાતિના સર્વે બાળકો, યુવકો અને યુવતીઓ, અનુભવી વયસ્કો સર્વેને જ્ઞાતિસેતુ માટે લેખ, કાવ્ય, અનુભવ સિધ્ધ કિસ્સા, ટૂંકી વાર્તા તથા પ્રતિભાવો મોકલવા માટે સદાને માટે આમંત્રણ છે.

***સવાલ : જ્ઞાતિસેતુમાં જાહેરાત કેવી રીતે આપી શકાય?***

*જવાબ :* આપના વ્યવસાય કે શુભેચ્છા કે શ્રધ્ધાંજલિની જાહેરાતની વિગત (ડિઝાઈન તૈયાર હોય તો તેની સી.ડી. / બટર / પોઝીટીવ) સેતુ કાર્યાલય પર અથવા સ્થાનિકે સેતુના માનદ્ પ્રતિનિધિને મોકલાવવાની રહેશે. આ સાથે જરૂરી રકમ "શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અમદાવાદ"ના નામનો ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર કે રોકડમાં મોકલવાની રહેશે. જેની પહોંચ અમદાવાદથી મોકલાવી આપવામાં આવે છે. જાહેરાતના દર આ અંકમાં આપવામાં આવેલ છે.

***સવાલ : જ્ઞાતિસેતુ જ્ઞાતિ પરિવારોને જોડવાનું ઉમદા કાર્ય કરે છે ત્યારે અમો જ્ઞાતિસેતુને કઈ રીતે સહાયરૂપ થઈ શકીએ?***

*જવાબ :* આ સવાલ અવારનવાર કેટલાય જ્ઞાતિજનો દ્વારા પૂછવામાં

આવેલ છે. જ્ઞાતિ અને જ્ઞાતિસેતુ માટેની તેઓની લાગણી માટે સર્વેને ધન્યવાદ. જ્ઞાતિસેતુનું કાર્ય બિનધંધાકીય રીતે કોઈપણ જાતના વળતરની અપેક્ષા વગર કાર્ય કરતા જ્ઞાતિજનો દ્વારા ચાલે છે. દેશના કેટલાક શહેરો અને ગામોમાં સેતુના પ્રતિનિધિઓ પોતાની માનદ્ સેવા આપી રહ્યા છે. આપના શહેરમાં કોઈ પ્રતિનિધિ ન હોય અને આપ આ કાર્ય કરવા ઈચ્છતા હો તો અમોને જણાવી શકો છો. તે સિવાય આપના સગાસંબંધીઓને ત્યાં સેતુ ન આવતું હોય તો તેમને સેતુ અંગે માહિતી આપી સેતુ પરિવારના સભ્ય થવા પ્રેરણા આપી શકો છો.

આ ઉપરાંત આપના વ્યવસાયની જાહેરાતના સ્વરૂપે જ્ઞાતિસેતુ કાર્યમાં આપનું આર્થિક યોગદાન આપી શકો છો. જ્ઞાતિસેતુ ઉત્તમ ક્વોલીટીમાં પ્રસિધ્ધ કરવા આપનું યોગદાન હંમેશા આવકાર્ય છે.

*સવાલ : જ્ઞાતિસેતુનું સરનામું જણાવશો.*

*જવાબ :*

★ જ્ઞાતિસેતુ માટે લખાણ મોકલવા માટે :
તંત્રીશ્રી - જ્ઞાતિસેતુ,
C/o. ધવલ જ્વેલર્સ, ૧૪, ચાંલ્લા ઓળ,
માણેકચોક, અમદાવાદ-૧.

★ *સભ્યપદ, જાહેરાત કે નાણાંકીય વ્યવહાર માટે*
શ્રી જયમીનભાઈ કે. સોની
જે. જે. જ્વેલર્સ, સુપર મોલ,
સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ.

## "સેતુ"ના જન્મ દિને

*સમાજને માસિક*
*સંદેશ તું આપતું*
*સત્ય અસત્યની મૂલવણી તું કરી*
*મન તણી નેક દ્વિધાને કાપતું*
*નયનને યોગ્ય તું*
*નમનને યોગ્ય તું*
*સમાજ તણું પ્રખર પ્રહરી*
*મિત તું, પ્રિત તું*
*સુખ તું, સ્વર્ગ તું*
*પૂંજ આનંદનો*
*સમાજ સંદેશને*
*સમાજનું વ્હાલું તું*
*કોટી કોટી વંદન તને આજે.*

**દિનેશ જે. સોની - તલોદ**

## "સેતુ" સમાજની આરસી એટલે જ મુખપત્ર

તંત્રીઓની અતૂટ જહેમત અને વાચકોના સતત સહકારના કારણે જ એક જ્ઞાતિનું મુખપત્ર "સેતુ" પોતાનું તૃતીય વર્ષ ગૌરવભેર ઉજવી શકે અને તે પ્રસંગે વાંચક જે રોમાંચ અનુભવે, તે ભાવને, સમાજની આરસી એટલે જ મુખપત્ર વિષય તરીકે આલેખવાનું સહજ મન થાય તે સ્વાભાવિક છે. તેથી મનોગત શ્રી ઓજસ પાલનપુરીની દિલની અટારીએથી સ્ફુરતી પંક્તિઓ સહસા સરી પડે છેઃ

*કોઈને પણ મારે પૈગામ દેવાની શી જરૂર?*
*ફુલની ખુશ્બુ સ્વયં પહોંચી વળે છે દૂરદૂર!*
*અમે હાર માની વિજય છટાથી*
*પછી મેળવી છે વિજયની દિશાઓ.*

**— અઝીઝ ટંકારવી**

સમાજના દરેક ક્ષેત્રનું સમભાવ પૂર્વક સહાનુભૂતિપણે સમતોલ રહી મૂલવણી કરી એક પ્રહરીની ભૂમિકા ભજવનાર તંત્રીઓ ધન્યવાદને પાત્ર છે. તેથી જ માસિકને મુખપત્ર કહેવાને બદલે સમાજની આરસી કહેવું વધારે વ્યાજબી લેખાશે.

આજના જમાનામાં જ્યારે જીવનના મૂલ્યો ઘસાતા જાય છે ત્યારે સમાજના મૂલ્યોની સાચવણી કરવાનું એક પ્રહરીનું કાર્ય પરોક્ષપણે સેતુએ કર્યું જ છે, તે નિર્વિવાદ વાત છે.

કોઈપણ વસ્તુની કિંમત અને તેના મૂલ્યમાં જમીન આસમાન જેટલો તફાવત હોય છે. કિંમતથી મેળવેલી વસ્તુનો ભોગવટો નાશવંત છે. મૂલ્યથી મેળવેલ વસ્તુ શાશ્વત છે. તે અનુસંધાનમાં મારે એટલું જ કહેવાનું કે સેતુએ મેળવેલી ગરિમા ગૌરવભેર જળવાઈ રહે, તે વધુ વિકસે એ જ શુભેચ્છા.

જ્ઞાતિજનોને અપીલ : આપણા જ સમાચારો આપણા જ માસિકમાં સહજ રીતે પ્રકાશિત થાય તે હેતુ આપણે કેટલી ચીવટાઈ દાખવીએ છીએ? "સેતુ" વધુ વિકસે, વધુ નિખરે, દિન પ્રતિદિન વધુ સક્ષમ અને સબળ થાય એ જ મારૂં "સેતુ"ના જન્મદિને શુભેચ્છા ભેટનું ધરણું.

**હસમુખભાઈ લાલજીભાઈ સોની - ખેડબ્રહ્મા**

## પ્રતિભાવ

"જ્ઞાતિસેતુ"એ ખરેખર આપણને એકબીજા સાથે જોડવાનું કામ કર્યુ છે. જેનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. મને બહુ જ ગર્વ છે કે મારા 'જ્ઞાતિસેતુ' દ્વારા આજે હર એક સુધી આપણા ઘરબેઠા વિચારો પહોંચે છે. આજે આપણને બધી જ માહિતીઓ મળે છે. મારા ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન. આ પ્રગતિ કાયમ મળતી રહે અને વધતી રહે તેવી મારી શુભેચ્છા.

**કુ. વિદુલા કાંતિલાલ કટ્ટા - આદિપુર**

"જ્ઞાતિસેતુ"એ આ કાર્ય ચાલુ કરી બહુ જ સારૂં કામ કર્યું છે. આનાથી આપણે એકબીજાને જાણવા મળે છે તથા એકબીજાના વિચારો પણ જાણી શકાય છે. જ્ઞાતિસેતુથી આપણી જ્ઞાતિને ઘણો ફાયદો થયો છે. 'સેતુ' ટીમને મારા તરફથી ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરૂં છું. જેમણે આ કાર્યને સફળ બનાવ્યું છે. આ સફળતા કાયમ મળતી રહે અને વધતી રહે તેવી મારી શુભકામના.

**મનોજ એન. બારમેડા - ભુજ**

## શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ આયોજીત

# યુવા પરિચય મેળો – ૨૦૦૭

**• હરીલાલ લખમશી વીસા પરમાર - અંજાર •**

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા પ્રથમ "યુવા-યુવતી પરિચય મેળો - ૨૦૦૭"નું આયોજન થઈ રહ્યું છે ત્યારે તેનો એક પરિચય આપવાની તક લઈ રહ્યો છું.

યુવા પરિચય મેળો એટલે આપણી અત્યાર સુધીની માન્યતા પ્રમાણે – સગાઈની ઉંમરે પહોંચેલા દીકરા દીકરીઓને સ્ટેજ પર ઊભા રાખીને પોતાનું નામ-ઠામ બોલીને પોતાનું પ્રદર્શન કરી જાય... પણ ના. આપણે એવું નથી કરવાનું.

ખરેખર તો પરિચય મેળાનો કોન્સેપ્ટ ફક્ત સગાઈ જ નથી. આપણી જ્ઞાતિનું યુવાધન કેટલું પ્રતિભાશાળી છે તેને જાણવાનો આ એક નમ્ર પ્રયાસ છે. આપણું ઘર અજવાળતા કૂળદીપકોને આપણે આ રીતે ટોડલે મૂકીએ, જેથી સમાજ એને જુએ, જાણે અને એ લોકો આગળ વધે એ માટે જ તેમની પ્રતિભાને સમાજ સમક્ષ જાહેર કરવી જરૂરી છે.

પુરૂષ અને સ્ત્રી સમાજ જીવન રથના પૈડા છે. આ પૈડા સમાન હોવા જરૂરી છે. આ સમાન પૈડા શોધવા માટેનું જરૂરી પ્લેટફોર્મ એટલે આપણો આ "યુવા પરિચય મેળો."

ઘણીવાર યોગ્ય પાત્ર ન મળતાં જે એડજસ્ટમેન્ટ કરવું પડે છે અને એમાં મોટેભાગે કન્યાએ સહન કરવું પડે છે. જેથી મારી અપીલ છે કે વધુને વધુ દીકરા - દીકરીઓ આમાં સહભાગી થાય અને આપણા સહુના આ સહિયારા પ્રયાસને સફળ બનાવે.

આ સાથે યુવા-યુવતીઓની બાહ્ય પ્રતિભાઓનો પણ સમાજને પરિચય થશે. આમ આ "પરિચય મેળો" મલ્ટીપર્પઝ હેતુવાળો સિધ્ધ થશે. હવે વાત કરૂં આપણા આ પરિચય મેળાની કાર્ય પધ્ધતિની....

- આપણા જ્ઞાતિના યુવક કે યુવતીએ સ્ટેજ પર આવીને પોતાનો પરિચય જાતે આપવાની જરૂર રહેશે નહીં.
- કાર્યક્રમના પ્રવક્તા નંબર આપેલ યુવક-યુવતીનો પરિચય, તેમના સન્માન જાળવીને વ્યવસ્થિત રીતે આપશે. જેથી કોઈને પણ ક્ષોભજનક પરિસ્થિતિમાંથી પસાર નહીં થવું પડે.

આ ઉપરાંત જે તે વખતે આપણે એક સૂવેનિયર આપી રહ્યા છીએ. જેમાં ભાગ લેનાર યુવક-યુવતી ઉપરાંત આવતા પાંચ-સાત વર્ષ સુધી પણ તેમાં આપેલી યુવાવર્ગની માહિતીનો આપણે ઉપયોગ કરી શકીએ તે રીતે જ્ઞાતિના યુવાધનની એમાં માહિતી હશે. આમ આપણે આ પરિચય મેળાના માધ્યમ વડે જ્ઞાતિને એક વધારાનું પરીબળ પૂરૂં પાડી શકીશું એવો મહામંડળને વિશ્વાસ છે.

આ માટે સમાજના બધા ઘરમાંથી જવાબદાર વ્યક્તિઓની આ અંગેની ખાસ સમિતિ રચવામાં આવેલ છે.

***યુવા મેળામાં ભાગ લેવા માટે અંતિમ૭ પૃષ્ઠે આપેલું ફોર્મ ભરીને ૧૫-૯-૦૭ સુધીમાં મોકલવા અનુરોધ છે.***


## પરિચય મેળા માટે જ્ઞાતિ ગુરૂઓના આશિર્વાદ



**શ્રી કનકચંદ્ર સી. વ્યાસ**

*પૂજ્ય ગોરબાપા (અંજાર)*

*મહામંડળ દ્વારા પ્રથમ વખત યુવક-યુવતિ પરિચય મેળાનું આયોજન થયું છે તેને પરમ કૃપાળુ પરમાત્મા સંપૂર્ણ સફળતા અપાવે તેવી શુભાશિષ અને પરિચય મેળામાં જોડાનાર જ્ઞાતિના સર્વે યુવક-યુવતીઓને મારા હાર્દિક આશીર્વાદ છે.*



**શ્રી સુમનભાઈ વ્યાસ**

*પૂજ્ય ગોરબાપા (ભુજ)*

*વર્તમાન સમયની માંગને અનુરૂપ, મહામંડળ દ્વારા જ્ઞાતિના યુવક-યુવતીનો પરિચય મેળો યોજવાનો નિર્ણય થયો તે ખરેખર આવકારદાયક છે. કાર્યક્રમની સર્વાંગ સફળતા માટે અંતરના આશિષ છે.*

## યુવક-યુવતી પરિચય મેળા-૨૦૦૭ નિમિત્તે મહામંડળ દ્વારા પ્રસિધ્ધ થનાર સૂવેનિયર માટે જાહેરખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| • છેલ્લું ટાઈટલ (કલર) | રૂા. ૭,૫૦૦/- | • અડધું પાનું (કલર) | રૂા. ૧,૫૦૦/- |
| • અંદર બીજું ટાઈટલ (કલર) | રૂા. ૬,૦૦૦/- | • આખું પાનું બ્લેક/વ્હાઈટ | રૂા. ૧,૦૦૦/- |
| • અંદર ત્રીજું ટાઈટલ (કલર) | રૂા. ૫,૦૦૦/- | • અડધું પાનું બ્લેક/વ્હાઈટ | રૂા. ૬૦૦/- |
| • આખું પાનું (કલર) | રૂા. ૨,૫૦૦/- | • પા પાનું બ્લેક/વ્હાઈટ | રૂા. ૪૦૦/- |

***સુવેનિયરમાં જાહેરખબર આપવા માટેની વધુ માહિતી પરિચય મેળાના આયોજકોના સરનામેથી મેળવવી.***

## યુવા-મેળો પ્રયોજન

આજરોજ તા. ૨૬-૮-૨૦૦૭ને રવિવારના શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની યુવક-યુવતી પરિચય પુસ્તિકા અને પરિચય મેળા - ૨૦૦૭ માટેની બેઠક સંસ્થાના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોનીના અધ્યક્ષપદે, રાજેન્દ્રબાગ, ભુજ, કચ્છ મધ્યે મળેલ હતી. આ બેઠકમાં પરિચય મેળાના કન્વીનર શ્રી હરિલાલ લખમશી સોની (અંજાર), મંત્રીશ્રી સમીર રમેશચંદ્ર કંસારા, સલાહકાર સમિતિના શ્રી શૈલેષભાઈ હંસરાજ કંસારા, ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી અને નગરપાલિકા કાઉન્સિલર શ્રી સુનીલ માધવજી કંસારા ઉપસ્થિત રહ્યા હતા.

પરિચય પુસ્તિકા અને મેળાનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાતિના પ્રતિભાશાળી યુવા-યુવતિઓ વિષેની માહિતી એકત્ર કરવાનો અને તે દ્વારા અરસપરસ ઓળખ વૃધ્ધિનો છે, જેથી પૂરતા પરિચયના અભાવે, વધી રહેલા છૂટાછેડાના બનાવોને ટાળવાનો છે, એવું શ્રી હરિભાઈ લખમશી સોનીએ જણાવી બેઠકની શરૂઆત કરી હતી. આ બેઠકમાં શ્રી અમૃતલાલભાઈએ પરિચય પુસ્તિકા તથા સૂવેનિયર વહેલી તકે તૈયાર થાય તેવી દરખાસ્ત મૂકી હતી. શ્રી શૈલેષભાઈ કંસારાએ પુસ્તિકા માટે તથા પરિચય મેળાના ફોર્મ ભરવા જ્ઞાતિજનો માટે સૂચનો તૈયાર કરી પેમ્ફલેટ છાપવા સૂચન કર્યું હતું. અંજાર તથા ભુજ જ્ઞાતિ મહિલા મંડળના અગ્રણી શાંતાબેન બારમેડા, જયશ્રીબેન ભરતભાઈ પરમારે અને મંત્રી રોહિણીબેન બુધ્ધભટ્ટીએ આ ભગીરથ કાર્યમાં મહિલા મંડળનો પૂરતો સાથ સહકાર મળી રહેશે એવી ખાતરી આપેલ. માધાપર મંડળના સભ્યોએ આ પરિચય મેળામાં જ્ઞાતિ ઘટકોની જવાબદારી અંગે સ્પષ્ટતાઓ કરવા સૂચન કર્યું હતું.

શ્રી સુનીલભાઈ કંસારા અને યુવક મંડળના પ્રમુખ શ્રી અનિલભાઈ છત્રાળાએ યુવક મંડળના પૂરતા સાથ સહકારની ખાતરી આપેલ.

માંડવીના જ્ઞાતિ પ્રમુખ શ્રી વિનોદભાઈ હેડાઉ તથા કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.

સાબરકાંઠા મંડળથી પધારેલ શ્રી શંકરલાલભાઈ, ભાઈલાલભાઈ તથા જીતુભાઈ સોનીએ પણ પૂરતા સાથ સહકારની ખાતરી આપેલ. આ સંદર્ભે, પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈએ એમને સૂચન કર્યું હતું કે એમની કારોબારી કમિટીમાં, સાબરકાંઠા મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળના ઉપક્રમે, ઠરાવ કરી મોકલવો જેથી એ મંડળના મહામંડળના સાથેના જોડાણ અંગે યોગ્ય કાર્યવાહી થઈ શકે.

શ્રી રશ્મિનભાઈ બારમેડાએ સાબરકાંઠા મંડળનો પરિચય અને પ્રવૃત્તિ વિશે માહિતી આપેલ હતી. સૂવેનિયર માટેની જાહેરાત માટે શ્રી દિનેશભાઈ સોની (અંજાર) તથા શાંતાબેન બારમેડાએ વડીલોની યાદમાં જાહેરાત આપવા તૈયારી દર્શાવેલ. શ્રી પ્રભુદાસભાઈ તથા શ્રી હરીભાઈએ આ મેળા અંગે સમર્પિત કાર્યકરોને એવોર્ડ દ્વારા બિરદાવવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. માનકૂવાના શ્રીમતી દર્શનાબેન ગુજરાતી અને ભુજના કુ. સુધા બુધ્ધભટ્ટીએ ઉત્સાહપૂર્વક કાર્યની પૂરતી ખાતરી આપેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શ્રી સમીર કંસારાએ કરી હતી.

*– સમીર કંસારા*

## શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહા મંડળનો દ્વિતીય વર્ષમાં મંગલ પ્રવેશ

ગત વર્ષે તા. ૨૨-૭-૨૦૦૬ના રોજ ખેડબ્રહ્મા મુકામે મળેલ ચિંતન શિબિરમાં જ્ઞાતિ મહામંડળની રચનાને બરોબર એક વર્ષ પૂરૂં થયું તે પ્રસંગે તા. ૨૨-૭-૨૦૦૭ના રોજ મહામંડળની કારોબારી સમિતિની બેઠક માંડવી મુકામે મળેલ. કચ્છ અને કચ્છ બહાર સાબરકાંઠા, રાજકોટ, મુંબઈ, અમદાવાદ, રાયપુર વગેરે સ્થળોએથી કારોબારી સભ્યોએ ઉત્સાહપૂર્વક હાજરી આપેલ. મિટીંગમાં સભ્યોએ મહામંડળની કામગીરી તથા જ્ઞાતિના વિકાસ માટે ઝડપથી કાર્યો થાય તે માટે ઉપયોગી સૂચનો કરેલ. વિશેષતઃ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે જ્ઞાતિ વિકાસના કાર્યો કરવાની જરૂરિયાત હોવા પર ભાર મૂકવામાં આવેલ. આ મિટીંગમાં મહામંડળ દ્વારા આપણી જ્ઞાતિનો પ્રથમ યુવા-યુવતી પરિચય મેળો યોજવાનું નક્કી કરવામાં આવેલ. આ અંગે શ્રી હરિલાલ લખમશી વીસા પરમારના કન્વીનરપદે એક સમિતિની રચના કરવામાં આવેલ છે. વિવિધ સભ્યોના સૂચનોના પ્રત્યુત્તરમાં મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસ ખેતશી સોનીએ સૂચન કરનાર સભ્યોની જાગૃતિ અને જ્ઞાતિ પ્રત્યેના અભિગમને બિરદાવેલ. વિશેષમાં તેઓએ ટુંક સમયમાં મહામંડળનું કાર્યાલય ભુજ ખાતે શરૂ કરવા તૈયારી થઈ હોવાનું જણાવેલ છે. આ પ્રસંગે વિવિધ જ્ઞાતિ કારોબારી તરફથી તેમની કારોબારી સમિતિના સભ્યો તરફથી આપવામાં આવેલ આર્થિક યોગદાનની જાહેરાત કરવામાં આવી હતી. શિક્ષણ ક્ષેત્રે જ્ઞાતિજનોમાં લેખનની અભિરૂચિ વધારવા એક નિબંધ સ્પર્ધા જયશ્રીબેન પરમારની રાહબરી હેઠળ યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું. મહામંડળના જન્મદિન નિમિત્તે સાબરકાંઠા જ્ઞાતિ તરફથી મિટીંગમાં હાજર રહેલ સર્વે સભ્યોને પોર્ટફોલીયો મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ સોલંકીના હસ્તે આપવામાં આવેલ. સર્વે સભ્યોએ માંડવી જ્ઞાતિ દ્વારા થયેલ મહેમાનગતિના ખાસ વખાણ કરી આભારની લાગણી વ્યક્ત કરેલ હતી.

કાર્યક્રમના અંતે માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ હાજર રહેલ સર્વે સભ્યો અને માંડવી જ્ઞાતિ સંસ્થા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરેલ હતી.

*અતુલ સોની*

*મહામંડળનું પ્રથમ વર્ષ.... પ્રયોજન, પ્રયત્નો અને પ્રાથમિક પરિચયાત્મક પ્રવૃત્તિઓથી સભર રહ્યો. હવે પ્રાયોજીત કાર્યક્રમોનો આરંભ આવકારદાયક રહેશે.*

*– મુખ્ય તંત્રી*

# શ્રી માંડવી મારૂ કંસારા સોની જ્ઞાતિ – 'સરસ્વતી સન્માન સમારંભ'

માંડવી જ્ઞાતિ આયોજીત દ્વિતીય સરસ્વતી સન્માન સમારંભ - ૨૦૦૭નું જ્ઞાતિ પ્રમુખ વિનોદ કંસારાના અધ્યક્ષ સ્થાને તા. ૨૨-૭-૦૭ રવિવારના રોજ ઉજવણી કરવામાં આવેલ. પ્રથમ દીપ પ્રાગટ્ય જ્ઞાતિ અગ્રણી તથા પધારેલા મહેમાનોના વરદ્ હસ્તે કરવામાં આવેલ. સમારંભનો પ્રારંભ સરસ્વતી વંદના નાની બાલિકાઓના ગીત વડે થયો. જ્ઞાતિ પ્રમુખના સ્વાગત પ્રવચન સાથે જ્ઞાતિના બાળકોના શિક્ષણ સાથે સંસ્કાર પ્રત્યે વડીલોને જાગૃત થવું જ પડશે. જ્ઞાતિના બાળકોએ શિક્ષણ ક્ષેત્રે તેમજ અન્ય સામાજીક પ્રવૃત્તિઓમાં વધુને વધુ પ્રગતિ કરી જ્ઞાતિને ઉચ્ચ સ્થાન અપાવે તે વાત પર ભાર મૂકેલ.



પધારેલા મહેમાનોનું પુષ્પગુચ્છ વડે સ્વાગત જ્ઞાતિ પ્રમુખ વિનોદ કંસારા, ઉપપ્રમુખો સંજય બુધ્ધભટ્ટી, ચંદુલાલ બીજલાણી, મંત્રી રમેશ બીજલાણી, સહમંત્રી હરેશ બારમેડા, ખજાનચી સુરેશ સોલંકી, સહ ખજાનચી પ્રવીણ સોલંકી, ભુજ જ્ઞાતિ મહિલા અગ્રણીનું સ્વાગત વાસંતીબેન કંસારા, સરોજબેન સોલંકી, દયાબેન બીજલાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

ધોરણ-૧ થી કોલેજ સુધીના વાર્ષિક પરીક્ષામાં તેજસ્વી તારલામાં સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામોનું વિતરણ કરવામાં આવેલ.

દયાબેન બીજલાણીના નિર્દેશન હેઠળ તૈયાર થયેલ, બાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમના નૃત્યની રજુઆત તથા કુ. જીનલ સોલંકીના એકપાત્રીય અભિનયની રજુઆતે જ્ઞાતિજનોની વાહ વાહ મેળવી હતી.

આ પ્રસંગે પધારેલા ભુજ જ્ઞાતિ પ્રમુખ અમૃતલાલભાઈ સોલંકી તથા કારોબારી સભ્યો શ્રી, અંજાર જ્ઞાતિપ્રમુખ શ્રી શિવલાલભાઈ મૈચા તથા કારોબારી સભ્યો શ્રી, ભુજ જ્ઞાતિ મહિલા અગ્રણી જયશ્રીબેન પરમાર, લતાબેન સોલંકી, સુધાબેન બુધ્ધભટ્ટી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જ્ઞાતિ અગ્રણીઓ શ્રી જયંતીભાઈ બુધ્ધભટ્ટી, શ્રી મહેશભાઈ હેડાઉ તથા જ્ઞાતિજનોનો સહયોગ મળેલ હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. જીનલ સોલંકી તથા કુ. સ્વાતિ સોલંકીએ કર્યું હતું. આભારવિધિ પ્રવીણભાઈ સોલંકીએ કરેલ અને અલ્પાહાર બાદ કાર્યક્રમનું સમાપન થયેલ હતું.

*વિનોદ કંસારા - માંડવી જ્ઞાતિ પ્રમુખ*

## માંડવી કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ નવનિર્મિત કારોબારી સભ્યો

| | | |
|---|---|---|
| શ્રી વિનોદ વલ્લભદાસ હેડાઉ | - | પ્રમુખ |
| શ્રી સંજય મનસુખલાલ બુધ્ધભટ્ટી | - | ઉપપ્રમુખ |
| શ્રી ચંદુલાલ વાલજી બીજલાણી | - | ઉપપ્રમુખ |
| શ્રી રમેશ વાલજી બીજલાણી | - | મંત્રી |
| શ્રી હરેશ નેણસી બારમેડા | - | સહમંત્રી |
| શ્રી સુરેશ પ્રાગજી સોલંકી | - | ખજાનચી |
| શ્રી પ્રવીણ લક્ષ્મીદાસ સોલંકી | - | સહ ખજાનચી |

તથા ૩ કારોબારી સભ્યો







## શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ - ભુજ આયોજીત કેરમ તથા ચેસ ટુર્નામેન્ટ

તાજેતરમાં શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ - ભુજ દ્વારા આયોજીત "સ્વ. મહેશભાઈ ગુજરાતી સ્મૃતિ કપ - ૨૦૦૭" અંતર્ગત કેરમ અને ચેસ ટુર્નામેન્ટ યોજાઈ ગઈ. કેરમ સ્પર્ધામાં ૩૨ યુવાનોએ ભાગ લીધેલો, જ્યારે ચેસ સ્પર્ધા માટે ૧૬ યુવાનો સ્પર્ધામાં ઉતર્યા હતા.

કેરમ સિંગલ્સનો સ્ટાર્ટ સ્પોન્સર ગુજરાતી મહેશભાઈ અને ડબલ્સમાં જ્ઞાતિ પ્રમુખ સોલંકી અમૃતલાલભાઈ અને ચેસ ટુર્નામેન્ટને પોમલ સુનીલભાઈએ સ્ટાર્ટ આપ્યા હતા.

કેરમ સિંગલ્સના ચેમ્પિયન - યોગેશ આઈ. સોલંકી તથા રનર અપ સમીર એ. છત્રાળા વિજયી થયા હતા.

કેરમ ડબલ્સની ચેમ્પિયન જોડી - સમીર એ. છત્રાળા તથા પરેશ એચ. બગ્ગા રહી જ્યારે રનર્સ અપ જોડી મિતેષ સી. પોમલ અને રાજા કે. પોમલ રહી હતી.

ચેસ સ્પર્ધામાં વ્રજલાલ એચ. સોલંકી ચેમ્પિયન થયા હતા જ્યારે રનરઅપ રોહિત બી. પોમલ થાય હતા.

સમગ્ર આયોજન માટે યુવક મંડળના પ્રમુખ અનિલ છત્રાળા, સંજય બુધ્ધભટ્ટી, ગીરીશ સોલંકી, હર્ષદ સોલંકી, અશોક બુધ્ધભટ્ટી, રોહિત પોમલ અને રાહુલ સોલંકીએ જહેમત ઉઠાવી હતી.





### સાબરકાંઠા જ્ઞાતિ મંડળ જનરલ સભા અહેવાલ

તા. ૧-૭-૨૦૦૭ના રવિવારના રોજ શ્રી સાબરકાંઠા જીલ્લા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિની જનરલ સભા સહકુટુંબ સાથે હોટલ અંજલી મુકામે મળેલ. તેમાં મંત્રી શ્રી દિનેશકુમાર જેઠાલાલ તરફથી તા. ૧-૪-૨૦૦૬થી તા. ૩૧-૩-૨૦૦૭ના વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા તથા શ્રી કીર્તિભાઈ કેશવજીભાઈ સોની (વડાલીવાળા) હાલ ભુજ તરફથી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યા. તેમજ હાજર રહેલા દરેક જ્ઞાતિજન વચ્ચે ડ્રો નું સુંદર આયોજન કરવામાં આવ્યું. મહામંડળમાં મહામંત્રી તરીકે નિમણુંક પામેલા શ્રી સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈ (વડાલીવાળા) તેમજ મહામંડળની કારોબારીમાં જેનો સમાવેશ કરવામાં આવેલ છે તેવા શ્રી સોની જેઠાલાલ જીવરામભાઈ (તલોદવાળા)નું આ જનરલ સભામાં શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું.

## શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ આયોજીત નિબંધ સ્પર્ધા

"શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ" શૈક્ષણિક સમિતિના શ્રીમતી જે.વી. પરમારની યાદી અનુસાર અખિલ ભારતીય કક્ષાએ એક "નિબંધ સ્પર્ધા"નું આયોજન કરાયું છે. જેનો વિષય "જ્ઞાતિને સંગઠીત રાખવા માટેના મારા વિચારો" રહેશે. કોઈ વિભાગ કે શબ્દમર્યાદા નથી. ૧થી ૧૦ નંબર મેળવનારને આકર્ષક તેમજ ભાગ લેનાર દરેકને આશ્વાસન ઈનામો આપવામાં આવશે.

અગાઉ જ્ઞાતિસેતુ દ્વારા યોજાયેલ ચિત્ર સ્પર્ધાની જેમ આ સ્પર્ધામાં પણ વધારે ને વધારે સ્પર્ધકો જોડાય તેવી અપેક્ષા છે.

તો... ઉપાડો કલમ... અને થઈ જાવ તૈયાર... આપના વિચારોને કાગળ પર ઉતારવા દો. નિબંધ તૈયાર કરીને નીચે દર્શાવેલ સરનામે તા. ૨૦-૯-૨૦૦૭ સુધીમાં મળી જાય તે રીતે મોકલાવી આપવા વિનંતી છે.

૧. **શ્રી કિશોરભાઈ સોની**
સી/૧૧/૪૩, સરકારી ક્વાર્ટર, વ્યાયામ શાળા પાસે, જૂની રાવલવાડી, ભુજ, કચ્છ. મો. ૯૩૭૪૩ ૫૯૨૩૨

૨. **શ્રી ચેતનભાઈ બારમેડા**
"ઈશ્વરકૃપા", બંગલા નં.-૮, યોગીરાજ પાર્ક, એસ.ટી. વર્કશોપ સામે, ભુજ, કચ્છ. મો. ૯૮૭૯૨ ૮૬૦૬૪

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ "સ્વ-ઉત્કર્ષ" મહિલા મંડળ - અંજાર દ્વારા પાંચ દિવસીય ચિત્રકળા વર્કશોપનું આયોજન

અંજારના શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ "સ્વ-ઉત્કર્ષ" મહિલા મંડળ દ્વારા આયોજીત પાંચ દિવસીય ચિત્રકળા વર્કશોપ તા. ૨૫-૬-૦૭થી ૨૯-૬-૦૭ સુધી જ્ઞાતિના શ્રી કાલીકા માતાજી મંદિર મધ્યે સાંજે ૪ થી ૬ ના સમયે યોજવામાં આવેલ. જેના પ્રશિક્ષક ફેશન ડિઝાઈનર શ્રીમતી દેવીનાબેન જીતેનભાઈ બુધ્ધભટ્ટી રહેલ. આ વર્કશોપ અંતર્ગત વર્કશોપ સંબધિત સામગ્રી જેવી કે ડ્રોઈંગ શીટ, પેન્સિલ, રબ્બર વગેરે મહિલા મંડળ દ્વારા આપવામાં આવેલ. આ વર્કશોપ અંતર્ગત પેન્સિલના વિવિધ ગ્રેડથી લઈને ચિત્રકળાને કેન્દ્રમાં રાખી બનાવવામાં આવતા ગ્રીટીંગ્સ કાર્ડ બનાવવા સુધીનું પ્રશિક્ષણ આપવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્કશોપ જ્ઞાતિના ધોરણ-૧ થી ૧૦ સુધીના બાળકોને ધ્યાનમાં લઈ યોજવામાં આવેલ પરંતુ આ વર્કશોપ અંતર્ગત અધિકાંશ બાળકો ધોરણ-૧ થી ૫ સુધીના જ હતા. તેમના પ્રશિક્ષક શ્રીમતી દેવીનાબેનના મંતવ્ય મુજબ જો તે બાળકોને નિયમિત પ્રશિક્ષણ આપવામાં આવે તો ચિત્રકળા ક્ષેત્રમાં તેઓ જ્ઞાતિનું નામ ઉજાગર કરે તેવી દક્ષતા બાળકોએ પ્રકટ કરી હતી. કારણ કે આ વર્કશોપ માટે નિયત કરેલ પ્રવૃત્તિઓ ધોરણ ૫-૧૦ને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ પરંતુ ભાગ લીધેલ બાળકોએ ઉંમર કરતા સારો દેખાવ કરેલ. તેઓની દક્ષતાનું ઉત્તમ ઉદાહરણ "જ્ઞાતિ સેતુ" આયોજીત અખિલ ભારતીય ચિત્ર સ્પર્ધા - ૨૦૦૭ના વિભાગ "એ"માં પ્રથમ આવેલ કુ. હીનલ પ્રકાશભાઈ પોમલે પુરૂં પાડેલ.

અત્રે એ ઉલ્લેખનીય બાબત છે કે આ વર્કશોપનું આયોજન વેકેશન પૂરૂં થયા બાદ તથા શૈક્ષણિક ક્ષેત્રના પ્રારંભે જ કરવામાં આવ્યું. જેથી આ વર્કશોપમાં, પ્રમાણમાં ઓછા બાળકો લાભ લઈ શકેલ. માટે ભવિષ્યમાં આવા આયોજન સાનુકૂળ સમયે કરવા આ બાળકોના વાલીઓએ ટકોર કરેલ. તેમ છતાં ભાગ લેનાર ઉત્સાહી બાળકોએ આવા કાર્યક્રમો પુનઃ યોજવા ફરમાઈશ કરેલ. આ આયોજનને સફળ બનાવવામાં મહિલા મંડળના હોદ્દેદારો ઉપરાંત જેમની અહીં વિશેષ નોંધ લેવી પડે તેવા શ્રીમતી રાખીબેન પ્રકાશભાઈ પોમલ તથા કિરણબેન કમલેશભાઈ પોમલનો સહકાર સાંપડ્યો હતો. તો શ્રીમતી દેવીનાબેનના સહકાર થકી જ આ આયોજન શક્ય બન્યું. જેમનું મહિલા મંડળે તા. ૮-૮-૨૦૦૭ના રોજ આયોજીત સરસ્વતી સન્માન સમારોહ અંતર્ગત તેઓનું મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી શાંતાબેન અમૃતલાલ બારમેડાનાં હસ્તે આભાર ભેટ સહ સન્માન કરવામાં આવ્યું હતું.

***અંજના એન. પોમલ - સહમંત્રી***

# વ્યક્તિ વિશેષ


• હીરાલાલ નાનાલાલ સોની •

## સ્વ. શિવલાલ પ્રાગજી પોમલ

ઈતિહાસ સાક્ષી છે, બહુરત્ના વસુંધરાએ સમયે સમયે મહામાનવો સર્જ્યા છે. જેમણે ઈતિહાસ રચ્યા છે. તો જન સામાન્યમાં પણ વિવિધ સમયે બહુમુખી પ્રતિભાઓ પેદા થઈ છે. આપણી જ્ઞાતિનાં એક બહુમુખી પ્રતિભા ધરાવતી વ્યક્તિનો પરિચય આપવા પ્રયત્ન આજ કરૂં છું.

આપણી જ્ઞાતિના શિવલાલ પ્રાગજી પોમલ, જેમનો જન્મ અંજાર તાલુકાનાં નાનકડા ગામ દેવડીયાનાં સોની પ્રાગજી સુંદરજીને ઘેર માતા મોંઘીબેનની કૂખ થયેલ.

છ બહેનો અને એક ભાઈના કુટુંબમાં તેમનું સ્થાન ચોથું હતું.



તેમના પિતાશ્રી પ્રાગજી પણ તેમનાં પાંચ કાકાઓમાં મોટા અને આમ વિશાળ સંયુક્ત કુટુંબમાં તેમનો ઉછેર થયેલ. તેમનાં સમગ્ર કુટુંબનો વ્યવસાય સોનાના દાગીના બનાવવાનો તો. તેમનો અભ્યાસ અંગ્રેજી ત્રણ ધોરણનો પરંતુ વાંચનનો શોખ ખૂબ જ. જેનો વધુ વિકાસ થયો માંડવી તાલુકાના બીદડા ગામે.

દેવડીયા મિસ્ત્રી લોકોનું ગામ. કચ્છનાં કરવરા વર્ષોને કારણે કચ્છના મિસ્ત્રી લોકો ગામડું છોડી વ્યવસાય અર્થે બિહાર અને ઓરીસ્સા બાજુ જઈ કોલિયારી અને બાંધકામનાં વ્યવસાયમાં લાગી ગયા. દેવડીયા ગામની પણ એ જ સ્થિતિ થતાં સોની કામમાં ગુજરાન ચલાવવું મુશ્કેલ લાગતાં શિવલાલભાઈ પણ સને ૧૯૩૭માં પોતાના કુટુંબ સહિત માંડવી તાલુકાના બિદડા ગામે સ્થળાંતર કરી ગયા.

તેમના પ્રથમ સંતાન 'ઈન્દુ' (ચાર માસ)ને લઈને બિદડા વસવાટ કર્યો. વિધિની ચાલને કોઈ કળી શકતું નથી તે શું અને શા માટે કરે છે. શિવલાલભાઈનાં કિસ્સામાં પણ 'બિદડા' જાણે, તેમનાં જ્ઞાન વિકાસની રાહ જોતું હોય તેમ, બિદડા આવતાં જ તેમનો સંપર્ક મહર્ષિ અરવિંદ ઘોષના શિષ્ય અને મહાત્મા ગાંધીજીની અહિંસા ભાવનાથી પ્રેરાયેલ શ્રી વેલજી ઠાકરશી શાહ, જે વેલજી બાપાના નામે પ્રખ્યાત હતા તેમની સાથે થયો. શ્રી વેલજી બાપાએ બિદડામાં 'સાધનાશ્રમ'ની સ્થાપના કરી હતી. આ આશ્રમમાં તેમણે, જગવિખ્યાત લેખકોનાં પુસ્તકોનું એક પુસ્તકાલય બનાવેલ, જે આજની તારીખે પણ એક અજોડ કહી શકાય તેવો પુસ્તક સંગ્રહ ગણાય છે.

શિવલાલભાઈનો વાંચન શોખ બિદડામાં જાણે વાંચન ભૂખમાં પરિણય પામ્યો હોય તેમ તેમણે 'સાધના આશ્રમ'નાં પુસ્તકાલયનો ભરપેટ લાભ લીધો. દિવસે સોની કામ અને રાત્રે બબ્બે ત્રણ ત્રણ વાગ્યા સુધી દળદાર પુસ્તકોનું વાંચન, એ તેમનો નિત્યનો કાર્યક્રમ. વેદો, ઉપનિષદો, નાટક, કાવ્યોથી માંડી મેડિકલ સાયન્સ અને આઈન્સ્ટાઈન 'થિયરી ઓફ રીલેટીવીટી'ને લગતા ગ્રંથોનાં તલસ્પર્શી અભ્યાસે તેમનાં જ્ઞાનનો બહુમુખી વિકાસ થયો. વાંચન સાથે પૂ. વેલજી બાપાની વિદ્વતા અને માર્ગદર્શને તેમની સુષુપ્ત પ્રતિભા સોળે કળાએ ખિલી ઉઠી.

તે સમયે બિદડામાં જ નહીં પરંતુ આજુબાજુનાં પંથકમાં મહર્ષિ ચરકનું બિરૂદ પામેલ શ્રી ચુનીલાલભાઈ વૈદ્યનું સાનિધ્ય તેમને સાંપડ્યું. તેમનાં સંપર્કમાં આવી શિવલાલભાઈએ આયુર્વેદ ઔષધોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. અને તે એટલે સુધી કે શ્રી ચુનીલાલભાઈ સામાજીક કામે બે-ચાર દિવસ બહારગામ જાય તો તેમનું ઔષધાલય શિવલાલભાઈ સંભાળતા.

પંદર વર્ષના બિદડાના વસવાટ પછી નિયતિએ તેમનું સ્થળાંતર કરાવ્યું. મોટી પુત્રી ઈન્દુનાં લગ્ન ભુજમાં કરી, શિવલાલભાઈ મહારાષ્ટ્રમાં કૃષ્ણા નદીનાં કાંઠે વસેલ શહેર સાંગલી મુકામે સહકુટુંબ સ્થળાંતર કરી ગયા અને આજીવન ત્યાં જ રહ્યા. (આજે તેમના બે પુત્રો હીરાલાલ અને જયંતીલાલ સપરિવાર સાંગલી રહે છે અને તેમના જયેષ્ઠ પુત્ર અંબાલાલ, જે પ્રજ્ઞાચક્ષુ છે તે રાજકોટ રહે છે.)

મહારાષ્ટ્રમાં તેમણે બે વર્ષમાં મરાઠી ભાષા શીખી ઉચ્ચ કક્ષાનાં મરાઠી લેખકોનાં પુસ્તકોનું વાંચન કરી મરાઠી સાહિત્યનો અભ્યાસ, આજીવિકાર્થે સોની કામ કરતાં કરતાં કર્યો.

આ લેખનો લેખક, હું તેમનો સગો ભાણેજ છું અને મેં તેમની વિવિધ ક્ષેત્રની પારંગતતાનો બહુ નજીકથી અનુભવ કરેલ છે.

સાહિત્ય હોય કે સંગીત, વિજ્ઞાન હોય કે વૈદુ, સોનાની

કારીગરી હોય કે ઝવેરાતનું પરીક્ષણ, તમામ બાબતે સમયે સમયે બનતા બનાવોમાં તેમની નિષ્ણતાના અનેક અનુભવો થયા છે.

મારા મોટા ભાઈને સાંગલીની 'વિલીંગ્ડન કોલેજ'ના અભ્યાસ દરમ્યાન Human Anatomy અને Atomic Power જેવા વિષયો માટે ટ્યુશન રાખવાની જરૂરત ન પડી કારણકે આ વિષયો શિવલાલભાઈએ જાતે જ શિખવેલ.

શિવલાલભાઈ તેમના મોટા પુત્ર અંબાલાલ, કે જે તે વખતે મુંબઈમાં અભ્યાસ કરતા અને સાથે સંગીત શીખતા. અંબાલાલ વેકેશનમાં આવે ત્યારે શિવલાલભાઈ તેમને સંગીત બાબતે વિવિધ પ્રશ્નો પૂછી તેમજ જુદા જુદા રાગના પલટા ગવડાવી, અંબાલાલની થતી ભૂલો પકડી પાડતા અને તેમને સંગીતના વિષયે માર્ગદર્શન આપતા અમે રૂબરૂ જોયેલ છે.

તેઓ સાંગલી હતા તે વખતે ચાલતા હિંદી ચલચિત્ર 'મોઘલે આઝમ'ની હીરોઈન 'અનારકલી'નું પાત્ર ભજવતી મધુબાલાએ પહેરેલ દાગીનાની માંગ થવા લાગતા શિવલાલભાઈએ સૌપ્રથમ 'અનારકલી' નામે સોનાનો સેટ બનાવી સાંગલીના પ્રખ્યાત વેપારી ગાડગીલની દુકાને રજૂ કર્યો ત્યારે તેમની સોની કામની કારીગરીથી સાંગલીના સુવર્ણ કસબીઓ દંગ થઈ ગયા હતા.

તે જ સમયના સાંગલીના મહારાણીનાં ઝવેરાતનાં લીલામ વખતે તેમને જયપુરના વેપારી સાથે લઈ ગયેલ ત્યારે એક વીંટીના હીરાના પરીક્ષણમાં તો સાંગલી અને બહારથી આવેલ ઝવેરીઓ પણ મોઢામાં આંગળા નાખી ગયેલ.

આમ, આ બધી બાબતો ઉપરાંત પાકશાસ્ત્રમાં પ્રાવિણ્યતા, પોતે ખાવાના શોખીન હોવાને કારણે, જેમણે એમની બનાવેલ વાનગી આરોગી છે તેવા લોકો આજે પણ યાદ કરે છે કે શિવલાલભાઈના હાથે બનાવેલી વાગની તો અનેરી હતી.

અંતના આરંભે શિવલાલભાઈ વિષે કહું તો, અંગ્રેજી ત્રણ ધોરણનાં અભ્યાસ છતાં પશ્ચિમનાં વિદ્વાનોને સમજવા, 'દેશ અને કાળ' જેવા ગ્રંથોના રચયિતા સ્વામી માધવાતીર્થને સમજવા, પ્રોફેસર આઈન્સ્ટાઈનના 'ફોર્થ ડાયમેન્શન' જેવા વિષયને સમજીને પચાવવા સાથે સાથે ઉપર દર્શાવેલા તમામ વિષયોમાં નિપુણતા, બહોળા પરિવાર માટે આજીવિકા રળવા સાથે મેળવેલ, બહુમુખી વ્યક્તિત્વ ધરાવનાર અનન્ય વ્યક્તિ તા. ૩૦-૧૦-૧૯૮૦નાં દિવસે આ દુનિયા છોડી ગયા.

એક જ કુટુંબમાં ગોમતીબાઈ જેવા પરમ જ્ઞાની અને બહુમુખી પ્રતિભાવાળા ભાઈ શિવલાલભાઈનું પેદા થવું એ પણ એક અસામાન્ય ઘટના ગણી શકાય.


**નેત્ર દાન – મહા દાન**

# આપણી અવિચ્છિન્ન પરંપરા

## 'શ્રી હેડાઉ નુખ પરિવારોનાં દેવસ્થાનો તથા નૈવેદ્ય પૂજાવિધિ'

• કુ. એકતા કટ્ટા - અંજાર •

'આપણી અવિચ્છિન્ન પરંપરા : નૈવેદ્ય' અંતર્ગત આપણી જ્ઞાતિના જુદા જુદા નુખ પરિવારો દ્વારા જળવાતી આ નૈવેદ્ય પરંપરાને આલેખવાનો પ્રયત્ન કર્યો છે. આ પરંપરાની સાથે સાથે જે તે પરિવારોનાં પગરવ કેવી રીતે મંડાણા? તે અંગેની માહિતી પણ પૂરકપણે પ્રાપ્ત થવા લાગી, જે પણ આ સાથે આલેખવા પ્રયત્ન કર્યો. આ પરંપરા વિશે વિચારતાં એક એ વિચાર પણ ઉદ્‌ભવ્યો કે આપણી આ પરંપરા જાળવવા પાછળ આપણાં પૂર્વજોની ધાર્મિકતા કે ભક્તિભાવની સાથે સાથે કદાચ મનોવૈજ્ઞાનિક કારણ પણ રહ્યું હશે કે આ પરંપરાની જાળવણીનાં માધ્યમે પારસ્પરિક કૌટુંબિક સંબંધોની જાળવણી અને તેની મહત્તા પણ જળવાઈ રહેશે. આપણી જ્ઞાતિના 'હેડાઉ' નુખનાં પરિવારો ઉપરોક્ત વિચારને સાર્થક કરે છે.



શ્રી વેરાઈ માતાજી અને શ્રી ચામુંડા માતાજી
શ્રી વેરાઈ માતાજી મંદિર, ફુલપુર, તા. સાંતલપુર

સાંપ્રત સમયમાં યુવાપેઢીને તેમનાં પોતાના પરદાદાનું નામ પણ યાદ હોતું નથી. ઘણાઓ પાસે પોતાના પરિવારની સાત પેઢીની માહિતી પણ પ્રાપ્ય હોતી નથી ત્યારે આપણી જ્ઞાતિનાં 'હેડાઉ' નુખનાં પરિવારો કે જેઓ કચ્છમાં સ્થાઈ થયા છે, તેઓએ પોતાનાં પૂર્વજો અને આશરે એકવીસ પેઢીઓનાં નામો, માહિતી અને ઈતિહાસની નોંધ રાખેલ છે. આ ઉપરાંત પણ વિશેષ માહિતી પ્રાપ્ત કરવા અને તેનું વ્યવસ્થિત સંકલન કરવાના પ્રયત્નો પ્રગતિમાં છે.

સમગ્ર કચ્છ જિલ્લાનાં જુદા જુદા શહેર - ગામોનાં રહેવાસી એવા 'હેડાઉ' પરિવારોનું મૂળ રાજસ્થાનમાં છે. આ બધા જ પરિવારો તેમના કુળદેવી શ્રી વેરાઈ માતાજી અને શ્રી ચામુંડા માતાજીની આરાધના કરે છે. આ બધા જ પરિવારોના અંદાજે ૩૫૦ વર્ષ પૂર્વેનાં પૂર્વજશ્રીનું નામ છે - શ્રી દેવજીભાઈ ગોપાલજીભાઈ, જેઓ રાજસ્થાનમાં વસતા હતા. તેમજ ધંધા વ્યવસાય અને મિલ્કત ધરાવતા હતા. અંજાર (કચ્છ)માં વસતા શ્રી છગનભાઈ નારાણદાસ ગોવિંદજી હેડાઉ પાસેથી પ્રાપ્ય એવું સાહિત્ય પણ આ હકીકતની શાખ પૂરે છે.

શ્રી દેવજીભાઈ ગોપાલજીભાઈના પ્રપૌત્ર શ્રી હેમરાજભાઈ ભીમજીનાં અમુક વંશ-વારસો રાજસ્થાનમાં જ સ્થાઈ હતા, પરંતુ અંદાજે ૨૭૦ વર્ષ અગાઉ તેમના અન્ય વંશ-વારસો કચ્છ જિલ્લામાં ધંધા-વ્યવસાય અર્થે આવેલા. કચ્છ આવેલાં એ વંશ-વારસોનાં અમુક પરિવારોએ જિલ્લાનાં જુદા જુદા ભાગોમાં કાયમી વસવાટ કરી, તેને માદરે વતન બનાવી દીધેલ.

હાલે માંડવી (કચ્છ)માં વસતા શ્રી વિનોદભાઈ વલ્લભદાસ હેડાઉ પાસે પ્રાપ્ય માહિતી અને ભાટના ચોપડામાં દર્શાવેલ લેખાનુસાર આજથી ૨૧૫ વર્ષ પૂર્વે સંવત ૧૮૪૮માં તેઓનાં પૂર્વજ શ્રી હંસરાજભાઈ હેમરાજભાઈ હેડાઉ કચ્છમાં ધંધાર્થે પધારેલા. જેઓ બળદગાડામાં ફરી વ્યવસાય કરતા. તેઓ ફરતાં ફરતાં મુંદ્રા તાલુકાના રામાણિયા ગામે પહોંચેલ. જ્યાં તેમણે ગુર્જર સુતારનાં 'દુધૈયા' નુખનાં માતાજીના સ્થાનકમાં ઉતારો રાખેલ. યોગાનુયોગ એક રાત્રે ત્યાં ગુર્જર સુતારો એકઠા થયા. તેઓ માતાજીનું પૂજન-અર્ચન કરતા હતા. આ સમયે શ્રી હંસરાજભાઈએ મનોમન નક્કી કરેલું કે જો મને સંતાનસુખ પ્રાપ્ત થશે તો મારા વંશજો આ માતાજીનાં દર્શને અચૂક આવશે. તેમની ઈચ્છા ફળી અને સમયાંતરે તેમનો વંશવેલો આગળ વધ્યો. ઘણા સમય પછી રામાણિયા ગામે આવવું - જવું દૂર પડતું હોવાથી અંજારમાં વસતા હેડાઉ પરિવારો અને ગુર્જર સુતાર પરિવારોએ તે દેવસ્થાન અંજાર તાલુકાનાં વરસામેડી ગામે સ્થાપિત કરેલ જે હાલમાં પણ મોજૂદ છે.

શ્રી હેમરાજભાઈ ભીમજીનાં અમુક વંશ-વારસો કચ્છ જીલ્લાનાં ભુજ અને આસપાસનાં વિસ્તારોમાં પણ સ્થાયી થયેલા. તેઓએ ભુજમાં કંસારા બજાર વિસ્તારમાં અને કંસારા નાના ફળીયામાં રહેઠાણ રાખેલ. જેનું નામ 'હેડાઉ ડેલી' તરીકે ઓળખાતું હતું. આ 'હેડાઉ ડેલી'માં ઘણાં વર્ષો પૂર્વે આ પરિવારોના કુળદેવી શ્રી ચામુંડા માતાજી અને શ્રી વેરાઈ માતાજીનું મંદિર - દેરી સ્થાપિત કરેલ. જેમાં નિયમિત ભાવપૂર્વક પૂજન - અર્ચન થતું. આ મંદિરમાં ભુજ અને કચ્છ જીલ્લાના

'હેડાઉ' પરિવારો ઉપરાંત આપણી જ્ઞાતિનાં અન્ય નુખભાઈઓ તથા અન્ય જ્ઞાતિઓનાં ભાવિકો પણ દર્શનાર્થે આવતા. તેમજ શ્રી વેરાઈમાં ને ગોળ ચઢાવવાની માનતા રાખતા.

માતાજીનાં આ પુરાતન સ્થાનકમાં નિયમિત 'ધૂપ-દીપ-સેવા-પૂજા' કરવાની પરંપરા સ્વ. શ્રી વાલજીભાઈ નારાણજી હેડાઉ તથા તેમનાં પરિવાર દ્વારા વર્ષોથી જાળવી રાખવામાં આવી છે. આજે પણ શ્રી ભવાનીશંકર વાલજીભાઈ છેલ્લા ૫૫ વર્ષથી આ 'ધૂપ-દીપ-સેવા-પૂજા' નિયમિત રીતે કરે છે. વર્ષોથી દર મહિનાના 'ચંદ્ર દર્શન'ના દિવસે સાંજે આ પૂજામાં નિયમિત રીતે બધા જ 'હેડાઉ' પરિવારો જેવા કે શ્રી ઇંદરજીભાઈ રવજીભાઈ પરિવાર, શ્રી નરસિંહભાઈ માવજીભાઈ પરિવાર, શ્રી મોરારજીભાઈ જાદવજીભાઈ પરિવાર, શ્રી મેઘજીભાઈ રતશીભાઈ પરિવાર, શ્રી પ્રાણલાલભાઈ માવજીભાઈ પરિવાર, શ્રી ચમનલાલભાઈ જેઠાલાલભાઈ પરિવાર વગેરે પરિવારો એકત્રિત થઈ પૂજન-અર્ચન તથા પ્રસાદની વિધિ કરે છે અને તેમાં ભાવપૂર્વક ભાગ લે છે. ઉપરાંત સમયાનુસારે અંજાર, માંડવી જેવા કચ્છ જીલ્લાનાં અન્ય સ્થળોનાં 'હેડાઉ' પરિવારો પણ ઉપસ્થિત થતાં હોય છે. તેમજ નવરાત્રી, દીપાવલી, નવું વર્ષ અને અન્ય ઉત્સવોનાં દિવસોમાં પણ ઉપરોક્ત બધા જ પરિવારો આ સ્થાનકે ભાવપૂર્વક ઉપસ્થિત થતાં હોય છે.


હેડાઉ કુટુંબના કુલદેવી માતાજીની પૂજા.
કંસારાબજાર, નાના ફળીયા, ભુજ.

ભુજના સ્વ. શ્રી વાલજીભાઈ નારાણજી હેડાઉની વડીલોપાર્જીત અને વારસાઈ અધિકારવાળી માતાજીનાં સ્થાનકવાળી (હેડાઉ ડેલીવાળી) જગ્યા તેમણે પોતાના કૌટુંબિક બહેન અને 'હેડાઉ' પરિવારનાં નિયાણી સ્વ. વાલુબેન (ઢોરીવાલા)ની તરફેણમાં વર્ષો પહેલાં લખી આપેલ. આમ છતાં હેડાઉ પરિવારના કુળદેવી માતાજીનું એ સ્થાનક તેમાં ચાલુ રહેવા દીધેલ. આ જગ્યાને સન ૨૦૦૧નાં વિનાશક ભૂકંપમાં નુકસાન થયું હતું.


હેડાઉ કુટુંબના કુળદેવી શ્રી વેરાઈ માતાજી અને
શ્રી ચામુંડા માતાજીનું દેવસ્થાન. વારાહી, ભુજ.

આથી થોડા સમય માટે મૂર્તિઓની પધરામણી તથા તેમની પૂજા ભુજનાં ગણેશનગર વિસ્તારમાં રહેતા શ્રી નંદલાલભાઈ મેઘજીભાઈ હેડાઉનાં નિવાસસ્થાન પાસે કરેલ. ત્યારબાદ હેડાઉ નુખનાં બધા જ પરિવારોનાં નાણાંકીય સહયોગથી હેડાઉ ડેલીવાળી માતાજીનાં સ્થાનકવાળી મૂળ જમીન ખરીદી લેવામાં આવેલ અને શ્રી ઈશ્વરભાઈ વાલજીભાઈ હેડાઉ તથા શ્રી નીતિનભાઈ અમૃતલાલભાઈ હેડાઉની અંગત અને સક્રિય દેખરેખ હેઠળ કુળદેવી માતાજીનાં સ્થાનકનું પુનઃ નિર્માણ કરવામાં આવેલ અને ચૈત્ર સુદ-૨, રવિવાર, તા. ૧૦-૪-૨૦૦૫નાં રોજ વિધિપૂર્વક હોમ-હવન કરી કુળદેવી માતાજીની મૂર્તિઓનું પુનઃ પ્રતિષ્ઠાન અને પુનઃસ્થાપન કરવામાં આવેલ. સમગ્ર કચ્છ જીલ્લાનાં 'હેડાઉ' પરિવારોનાં બધા જ સભ્યો દર વર્ષે મહા સુદ સાતમનાં રોજ કુળદેવી માતાજીનાં આ સ્થાનકમાં એકત્રિત થઈ ભાવપૂર્વક પૂજન-અર્ચન, નૈવેદ્ય વિધિમાં ભાગ લઈ સમૂહ પ્રસાદ લે છે.

કચ્છ જીલ્લાના 'હેડાઉ' પરિવારોનાં ઉપરોક્ત દેવ-સ્થાન ઉપરાંત 'ફૂલપુર' ગામે પણ શ્રી વેરાઈ માતાજીનું એક પુરાતન મંદિર આવેલ છે. ગુજરાત રાજ્યનાં બનાસકાંઠા જીલ્લામાં આવેલ સાંતલપુરથી આશરે ૩૦ કિ.મી. દૂર 'વારાહી' ગામ આવેલ છે. આ ગામથી અંદરનાં ભાગે અંદાજે ૩ કિ.મી. દૂર 'ફુલપૂર' ગામ આવેલ છે. આ મંદિરના દર્શને પણ ઘણા 'હેડાઉ' પરિવારો નિયમિત રીતે જતા હોય છે. આ મંદિરમાં પણ શ્રી વેરાઈ માતાજી અને શ્રી ચામુંડા માતાજીની મૂર્તિઓનું સ્થાપન થયેલ છે. તે મંદિર તથા મૂર્તિઓનાં ફોટોગ્રાફ્સ આ સાથે આપેલ છે. આ મંદિર અંગે વધુ માહિતી મેળવવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

સમગ્ર ગુજરાત રાજ્યની આપણી જ્ઞાતિમાં 'હેડાઉ' પરિવારોની સંખ્યા પ્રમાણમાં ઓછી છે અને કૌટુંબિક સંબંધો પણ પેઢીઓ દૂરનાં હોય છે, છતાં નિયમિત રીતે એકત્રિત થવું, જુદા જુદા પ્રસંગો - ઉત્સવોની સાથે ઉજવણી કરવી અને પ્રેમપૂર્વક સક્રિય સંપર્કમાં રહેવાનાં તેઓનાં પ્રયત્નો નોંધપાત્ર અને ઉદાહરણીય છે.

'હેડાઉ' પરિવારોની બધી જ પ્રવૃત્તિઓ ભુજનાં શ્રી વાલજીભાઈ નારાણજીભાઈ હેડાઉ પરિવાર, શ્રી ઇંદરજીભાઈ રવજીભાઈ હેડાઉ પરિવાર, શ્રી નરસિંહભાઈ માવજીભાઈ હેડાઉ પરિવાર વિગેરે તથા અંજારનાં શ્રી નારાણજીભાઈ ગોવિંદજીભાઈ હેડાઉ પરિવાર અને શ્રી કાનજીભાઈ ગોવિંદજીભાઈ હેડાઉ પરિવાર વગેરેનાં સક્રિય માર્ગદર્શન, યોગદાન અને સહિયારા સહયોગથી થાય છે.

'હેડાઉ' પરિવારોનાં કૌટુંબિક સારા પ્રસંગો જેવા કે લગ્ન-પ્રસંગ, ઝંડા ઉતારવા (બાલ મુવારા), શ્રીમંત પ્રસંગ વગેરે પ્રસંગોએ 'શ્રી ગણેશજીનું પૂજન', માઈ પૂજન તથા નૈવેદ્ય થતાં હોય છે. ઉપરાંત નીચે દર્શાવેલ નૈવેદ્ય નિયમિત રીતે કરવામાં આવે છે.

- **કારતક સુદ પાંચમ (લાભપાંચમ) :**

આ નૈવેદ્ય હેડાઉ પરિવારોનાં ઘેર પાણિયારા પાસે અથવા પવિત્ર જગ્યાએ તલનો ચુરમો, ઢોસાનો ચુરમો, ચોળા ધરાવીને તથા શ્રીફળ વધેરીને આ દિવસે બપોરનાં સમયે કરવામાં આવે છે. આ નૈવેદ્યનાં સમયે ગાયનાં ગોબરની નાની કુંડી બનાવી તેમાં કાચું દૂધ પણ ચઢાવવામાં આવે છે.

- **મહા સુદ સાતમ :**


શ્રી કુળદેવી માતાજીનાં સ્થાનકમાં બપોરના સમયે અંદાજે ૧૨.૦૦ વાગે શ્રી માતાજી સન્મુખ આ દિવસે એ નૈવેદ્ય ધરવામાં આવે છે. આ મોટા નૈવેદ્ય છે, જેમાં ઘઉંના લોટમાંથી આઠ નાના અને એક મોટો એમ નવ દીવડા બનાવી, પાંચ-પાંચ પૂરીઓ ઉપર એક એક દીવડો એમ આઠ દીવડા અને વચ્ચે મોટો દીવડો પધરાવી પ્રગટાવવામાં આવે છે. આ નૈવેદ્ય પૂજા સમયે શ્રી માતાજી સન્મુખ લાપસીનાં નૈવેદ્ય ધરવામાં આવે છે.

- **ફાગણ સુદ પૂનમ (હોળી) :**

શ્રી કુળદેવી માતાજીનાં સ્થાનકમાં આ દિવસે શ્રી માતાજી સન્મુખ લાપસીનાં નૈવેદ્ય ધરીને, રાત્રે પૂજન કરવામાં આવે છે.

- **ચૈત્ર સુદ આઠમ :**

શ્રી કુળદેવી માતાજીનાં સ્થાનકમાં આ દિવસે શ્રી માતાજી સન્મુખ લાપસીનાં નૈવેદ્ય બપોરનાં સમયે ધરવામાં આવે છે તથા પૂજન કરવામાં આવે છે.



શ્રી વેરાઈ માતાજીનું મંદિર. ગામ - ફુલપૂર. તા. સાંતલપુર, જી. બનાસકાંઠા.

- **અષાઢી બીજ :**

અષાઢ મહિનાના 'ચંદ્ર દર્શન'ની સાંજે શ્રી માતાજીનાં સ્થાનકમાં શ્રી કુળદેવી માતાજી સન્મુખ લાપસી નૈવેદ્ય ધરી, પૂજન કરવામાં આવે છે.

- **શ્રાવણ સુદ પાંચમ (નાગ પાંચમ) :**

ઘરમાં પાણિયારા પાસે અથવા પવિત્ર જગ્યાએ શુધ્ધિકરણ કરી આ દિવસે, બપોરનાં સમયે આ નૈવેદ્ય વિધિ કરવામાં આવે છે. જેમાં તલનો ચુરમો, ઢોસાનો ચુરમો, મગ ધરાવીને તથા શ્રીફળ વધેરીને નૈવેદ્ય ધરવામાં આવે છે.

- **આસો સુદ આઠમ (નવરાત્રી) :**

શ્રી કુળદેવી માતાજીનાં સ્થાનકમાં શ્રી માતાજીનાં સન્મુખ આ દિવસે બપોરના સમયે પૂજન-અર્ચન સાથે લાપસીનાં નૈવેદ્ય ધરવામાં આવે છે.

- **આસો વદ ચૌદસ (કાળી ચૌદસ):**


કાળી ચૌદસની રાત્રે પીળી ખીચડી, ભજીયા, તલનો લાડવો વગેરેનો ભોગ ધરાવી, 'મામા'ને નૈવેદ્ય ધરવામાં આવે છે.

- **આસો વદ અમાસ (દિવાળી) :**

દિવાળીની રાત્રે, શ્રી કુળદેવી માતાજીનાં સ્થાનકમાં શ્રી માતાજીનાં પૂજન-અર્ચન સાથે લાપસીનાં નૈવેદ્ય ધરવામાં આવે છે.

*માહિતી અને તસવીરો :*
*શ્રી ઈશ્વરલાલ વાલજીભાઈ હેડાઉ (ભુજ),*
*શ્રી કાંતિલાલ વાલજીભાઈ હેડાઉ (રાજકોટ)*

## હેડાઉ કુળની આવતી કાલ....



**કુ. નંદીની**

(જન્મ તા. : ૨૪-૧૦-૨૦૦૬)

**પિતા : હિતેનકુમાર છગનલાલ સોની**
**માતા : વૈદેહી હિતેનકુમાર સોની**

# સોનાના ઘરેણાં પર હોલમાર્ક જરૂરી છે?

• હીરાલાલ મોહનલાલ સોની - નખત્રાણા •

ભારત ગામડાઓનો દેશ છે. અનેક ગામડાઓ મુખ્ય સેન્ટરથી દૂરદૂરના વિસ્તારમાં પથરાયેલા છે. પ્રવર્તમાન સંયોગોમાં હોલમાર્ક લાઈસન્સ ફરજીયાત કરવા યોગ્ય નથી અને શક્ય પણ નથી. વળી હોલમાર્ક લાઈસન્સ લેવાથી કામ પતી જતું નથી. લાઈસન્સ લીધા પછી પ્રત્યેક દાગીના ઉપર હોલમાર્ક લગાવવો ખૂબ મોંઘો પડે છે. હોલમાર્ક લગાવવાનો ચાર્જ ભલે ઓછો હોય પણ ૧ વિંટી કે નાકની સરી ઉપર હોલમાર્ક લગાવવા માટે તૈયાર કરીને રાજકોટ ખાતે આવેલ હોલમાર્ક સેન્ટરમાં મૂકવું પડે, જે તૈયાર થયેલ એકેએક દાગીનો દૂર દૂરના ગામડામાંથી હોલમાર્ક સેન્ટરમાં મોકલવાની પ્રક્રિયા ખર્ચાળ અને સમયનો વ્યય કરનારી છે.

કચ્છમાં હોલમાર્ક સેન્ટર આવેલું નથી. ગુજરાતમાં અત્યારે અમદાવાદ અને રાજકોટમાં હોલમાર્ક સેન્ટર આવેલા છે. હોલમાર્ક સેન્ટરની મશીનરી ફોરેનથી મંગાવવી પડે છે, જે કોઈપણ પ્રાઈવેટ પાર્ટી શરૂ કરી શકે છે. પરંતુ એ માટે નેવું લાખથી વધુ રકમ મશીનરીમાં રોકવી પડે અને તે ઉપરાંત તેનું બિલ્ડીંગ, લેબોરેટરી, ટેકનીશીયનો, સુરક્ષાગાર્ડ, અન્ય સ્ટાફ વગેરેને ગણતરીમાં લેતાં એક કરોડથી વધુ મૂડી રોકાણ થાય. મૂડી રોકાણનું વ્યાજ કે બેંકના હપ્તા ભરવા વગેરેની સમસ્યા તો ખરી જ. સ્ટાફ નિભાવણી ખર્ચ, પગારવધારો, લાઈટ, કેમીકલની અછત, કર્મચારીઓનું ચેકીંગ, સ્ટોક રજીસ્ટર નિભાવવા, મશીનરી બગડે ત્યારની સમસ્યા વગેરે અનેક સમસ્યાઓનો વિચાર કરીને કચ્છમાં કે કોઈપણ જગ્યાએ હોલમાર્ક માટેનું સેન્ટર બનાવવા એક કરોડથી વધુ મૂડીરોકાણ કરવું પડશે. અને એક સેન્ટર ઊભું થયા પછી બીજું સેન્ટર ઊભું થાય અથવા અન્ય રીતે હોલમાર્ક સેન્ટરો વચ્ચે ક્યારેક ટેકનીકલ ક્ષતિના કારણે અનેક દૂષણો પેદા થવાની શક્યતાઓ રહેલી છે.

સોના ચાંદીના દાગીનાનો વેપાર એ વિશ્વાસ અને ઓળખાણ ઉપર આધાર રાખે છે. કોઈપણ ગ્રાહક સામાન્ય રીતે ઓળખીતા સોની - જ્વેલર્સ કે વેપારી પાસેથી દાગીના ખરીદતા હોય છે. જેથી ઠગાવાનો વખત ના આવે અને દુકાનદાર હંમેશા ઈમાનદારીથી વેપાર કરતા હોય છે. જેથી ઈમાનદારી અને સારી પ્રતિષ્ઠા ધરાવતા વેપારી વધુ ગ્રાહકો મેળવી શકે છે. સામાન્ય રીતે સ્થાયી થયેલા અને એક જ જગ્યાએ વરસોથી સ્થિર થયેલા સોનાચાંદીના વેપારીઓ વંશવારસાગત રીતે ગ્રાહકોમાં વિશ્વાસપાત્રતાની છાપ ઊભી કરીને વ્યવસાય કરતા રહે છે. મોટા શહેરોમાં આવેલા મોટા વેપારીઓને ત્યાં દરરોજ નવા ગ્રાહકો મળતા રહેતા હોય છે. એટલે દરેક ગ્રાહક ઉપર પૂરતું ધ્યાન આપી શકતા નથી હોતા અથવા પૂરતું ધ્યાન આપતા નથી. જ્યારે ગામડાના વેપારી અને ગ્રાહકો વચ્ચે ઓળખાણ અને નજીકના સંબંધો, આંખની શરમ અને ઠપકાની બીક જેવી બાબતોના કારણે વધુ કાળજી અને ગ્રાહકોને વધુ સારો પ્રતિસાદ આપતા હોય છે. નાના ક્ષેત્રમાં વેપારી ગ્રાહકોને છેતરતા નથી હોતા અને છેતરવાના કિસ્સા બને તો તેવા વેપારીઓના ધંધા ઉપર માઠી અસર પહોંચતી હોય છે. અને તેવા વેપારીઓનો ધંધો વધુ ચાલતો નથી અને ધંધામાં ઓટ આવે છે.

હોલમાર્ક પધ્ધતિ જો ફરજીયાત કરવામાં આવશે તો ગામડાના વેપારીઓ અને છૂટક કારીગરો ઉપર વિપરીત અસર પડશે. ગામડાના સોના ચાંદીના વેપાર અને કલા કારીગરીનો નાશ કરશે. શહેરોના વેપારીઓ કે હોલસેલરો અને ફોરેનની એજન્સીઓને દેખીતો ફાયદો થશે કારણકે ગામડાના વેપારીઓને નાછુટકે હોલસેલરો પાસેથી હોલમાર્ક લગાવેલ માલ ખરીદવો પડશે. જેથી આવા વેપારીઓ પાસે કામ કરતા કારીગરો બેકાર બનશે. કેટલાક વેપારીઓ તેમની આજુબાજુના કે નજીકના ગામડાના કારીગરોને દાગીના બનાવવા આપે છે. તે કામ તેમને નાછુટકે બંધ કરવું પડશે. જેની ગંભીર અસર ઊભી થવા પામશે. પરિણામે ગામડાના કારીગરોની કલા કારીગરીનો ધીમે ધીમે નાશ થશે.

હોલમાર્ક પધ્ધતિથી બજારમાં આવનાર તમામ ઘરેણા પ્રત્યેક દસ ગ્રામે રૂા. ૪૦૦થી ૬૦૦ મોંઘા પડશે. હોલમાર્ક લગાવ્યા વિનાના ઘરેણાં એ જ દાગીના સામાન્ય રીતે બજારમાં જે ૨૨ કેરેટના અત્યારે ૮૩૫૦ ભાવ છે તે જ તેટલા જ ટચના ઘરેણા (દાગીના) રૂા. ૮૭૫૦ થી ૮૯૫૦ના ભાવે ગ્રાહકને પડશે. રીસેલ સામે રૂા. ૪૦૦થી રૂા. ૬૦૦ જેટલા મોંઘા પડશે. કારણકે દરેક દાગીના તૈયાર કર્યા પછી હોલસેલ સેન્ટરમાં મોકલવા પડશે. ત્યાં મોકલવાનો ખર્ચ, હોલમાર્ક લગાવવાનો ખર્ચ, સમયનો વ્યય અને મજૂરી હાલ જે છે તેનાથી ડબલ થઈ જશે. પરિણામે તે દાગીના ગ્રાહક પાછા આપશે ત્યારે રીસેલવેલ્યુ એટલે કે જૂના દાગીના પાછા વેચવામાં આવતા નવા દાગીનામાં તેટલું વધું નુકસાન ગ્રાહકને ભોગવવું પડશે.

તા. ૧-૧-૨૦૦૮થી સોનાના દાગીના ઉપર ફરજીયાત હોલમાર્ક પધ્ધતિ શરૂ કરવા વેપારીઓએ ફરજીયાત લાઈસન્સ લેવાના રહે છે. જે લાઈસન્સ ફી રૂા. ૨૪,૦૦૦થી ૨૫,૦૦૦ થવા જાય છે. આખા ગુજરાતમાં મધ્યમ કક્ષાના સોનાના દાગીના વેચતા વેપારીઓની સંખ્યા એક સર્વેક્ષણ પ્રમાણે ૧૦ હજારની છે. જેમાંથી અત્યાર સુધી ૭૧૦ જેટલા વેપારીઓએ લાઈસન્સ લીધા હોવાનું જણાવાયું છે. જે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ અમદાવાદના એક અધિકારીએ જણાવ્યું છે.

૧૯૬૨માં સ્વ. મોરારજી દેસાઈ નાણાંમંત્રી હતા ત્યારે સુવર્ણ અંકુશ ધારો અમલમાં લેવામાં આવેલ. જે આપણા દેશ

માટે કસમયનો, ખર્ચાળ અને બિનઉપયોગી પુરવાર થયેલ અને અંતે કેન્દ્રમાં બિનકોંગ્રેસી સરકાર આવતાં સુવર્ણ અંકુશ ધારો રદ થયો. આખાય ભારતના સોના ચાંદીના વેપારી અને કારીગરો બેકાર અને બેહાલ બન્યા હતા. કેટલાય લોકોએ આત્મહત્યાઓ કરવી પડી હતી અને અસંખ્ય કુટુંબો પાયમાલ થઈ ગયા હતા. સુવર્ણ અંકુશ ધારો ઉઠાવી લેતા ફરી પાછા અનેક કારીગરો અને વેપારીઓએ સમૃધ્ધિ તરફ પગ માંડ્યા છે, ત્યારે જ આ 'હોલમાર્ક' ફરજીયાત થતાં તેમાં કાર્યરત આવા વેપારીઓ અને કારીગરોના મોમાંથી મીઠા ફળ તો ઠીક પણ રોટલો ઝુંટવાઈ જશે તેવું લાગે છે.

સોના ચાંદીના નાના વેપારીઓ અને કારીગરો માટે ફરજીયાત લાઈસન્સ પધ્ધતિ ખૂબ ખર્ચાળ, અઘરી અને એને અસરકારક રીતે નિભાવવી અશક્ય છે. જાહેરમાં થૂંકવું કે પેસાબ કરવો ગુનો બને છે પરંતુ કોઈ વ્યક્તિ જાહેરમાં થુંકે નહીં અને જાહેરમાં પેશાબ ના કરે તે માટે પ્રથમ યોગ્ય વ્યવસ્થા કરવી જરૂરી છે. જો વ્યવસ્થા પૂરી પાડી ના શકાય ત્યાં સુધી તેને કાયદાનું સ્વરૂપ આપવું ના જોઈએ. કાયદા એવા પ્રકારના હોવા જોઈએ જેનો અમલ કરી શકાય અને કાયદાનો અમલ કરવા માટે પ્રોત્સાહક પરિબળો હોવા આવશ્યક છે.

પરંતુ દાગીના ઉપર ફરજીયાત હોલમાર્કનો કાયદો તા. ૧-૧-૨૦૦૮થી અમલમાં આવવાનો છે. જેનો અમલ દૂર દૂરના ગામડામાં બેઠેલો સોનાનો એક નાનો દાગીનો બનાવતો વેપારી કે કારીગર કઈ રીતે કરી શકશે? એરકંડિશન્ડ ચેમ્બરોમાં બેઠેલા મહાનુભાવો અને અધિકારીઓના વિચારમાં આવેલ આ ફોરેન પધ્ધતિ આ સાડા છ લાખ ગામડાઓના બનેલા ભારત દેશમાં કેટલા અંશે સફળ અને શક્ય છે તેવું વિચારવામાં નહીં આવતું હોય?

સોના ચાંદીના દાગીના બનાવતા અને વેચાણ કરતા અથવા જૂના દાગીનામાંથી નવા દાગીના બનાવી આપતા નાના નાના વેપારીઓ અને કારીગરો ભારત દેશના ગામડે ગામડે આવેલા છે, જે લોકોનો વિશ્વાસ અને સારી છાપ ધરાવે છે. પ્રત્યેક પ્રજા સાથેનો સારો નાતો અને સંપર્ક ધરાવે છે. આવા વેપારીઓ અને કારીગરો દેશની વસતિની ટકાવારીની સંખ્યામાં ભલે નહિંવત્ હશે અને છે પરંતુ તમામ ગામડાઓમાં વસતા લોકો સાથે એમનો સીધો અને સારો સંપર્ક અને મોભો છે. આવા તમામ લોકો જો નારાજ થાય તો તેની અસરથી સરકારને ગંભીર ક્ષતિ અને નુકસાન પહોંચાડવા માટે મુખ્ય પરીબળોમાંનું એક બની શકે છે.

આમ પ્રજાને મોટી મોટી યોજનાઓ અને શહેરીકરણમાં બિલકુલ રસ નથી. જીવન જીવવા માટે હવા, પાણી અને ખોરાકની જરૂર છે તેમ વર્તમાન સમયમાં વીજળી, પાણી અને આરોગ્યમાં સફળતા મળે એ જ આજના ભારતની મુખ્ય અને મહત્ત્વની સમસ્યા છે, જે પ્રત્યેક નાગરીકને ઉપયોગી અને આવશ્યક છે.

તેથી હોલમાર્ક પધ્ધતિ ફરજીયાત નહીં પણ મરજીયાત રાખવી જોઈએ એ જ સમયની માંગ અને વાસ્તવિક્તા છે.

# ભાવતાં ભોજન

• સુધા એ. બુધ્ધભટ્ટી - ભુજ •

## ડેઝર્ટ

આજકાલ પાર્ટીઓમાં તેમજ ભોજન સમારંભોમાં ડેઝર્ટનો ઉપયોગ થતો હોય છે. જેથી આ નામથી બહેનો માહિતગાર હોય જ છે. પરંતુ ડેઝર્ટ એટલે શું? ડેઝર્ટ એટલે ઋતુ અનુસાર સર્વ કરવામાં આવતું ગરમ યા ઠંડી વસ્તુનું મિશ્રણ. જેમ ઘણા લોકો વાર્તા કે પિક્ચરનો સુખદ અંત પસંદ કરતા હોય છે, તે જ રીતે ભોજનને અંતે પસંદગીયુક્ત ડેઝર્ટ કે સ્વીટ પીરસવામાં આવે તો તેમના ભોજનનો આનંદ અનેકઘણો વધી જાય છે. ક્યારેક તો લોકો ભોજનની શરૂઆતમાં જ પૂછી લે છે કે ડેઝર્ટમાં શું સર્વ કરવામાં આવશે? જેથી તેઓ ભોજનની સાથે સાથે છેલ્લે આવનાર ડેઝર્ટની પણ રાહ જુએ છે.

હંમેશા ડેઝર્ટનું આયોજન પીરસવામાં આવતા ભોજન તથા ઋતુને અનુરૂપ હોવું જોઈએ. ઠંડી ઋતુ કરતાં ગરમીની ઋતુમાં ડેઝર્ટનો આનંદ અનેરો હોય છે કારણકે ગરમીના દિવસોમાં આઈસ્ક્રીમ, પુડીંગ, ગોલા અથવા ફ્રીજમાં ઠંડી કરેલી મીઠાઈનો આસ્વાદ જ કંઈ અનેરો હોય છે.

તો ચાલો, આપણે પણ આવા ડેઝર્ટનો રસાસ્વાદ માણીએ.

## ફ્રુટ જેલી

***સામગ્રી :*** (માપ : ૬ પીસ) ૧૫૦ ગ્રામ મેરી બિસ્કીટનો પાવડર, ૧ ટે.સ્પૂન માખણ, ૩ ટે.સ્પૂન પીસેલી ખાંડ, ૧૦૦ ગ્રામ ફ્લેવરયુક્ત જેલી (૧ પેકેટ), ૧ કટોરી ઝીણા સમારેલા ફ્રુટ્સ, ૧ ટે.સ્પૂન ડ્રાયફ્રુટ્સ, સ્વીટ ક્રીમ.

***બનાવવાની રીત :*** બિસ્કીટ પાવડર, માખણ અને ખાંડ મિક્સ કરી ખૂબ હલાવી કોઈ ટીનના ડબ્બામાં દબાવીને પાથરી દો. (ઉપરોક્ત મિશ્રણ ઘટ્ટ - પાથરી શકાય તેવું બનાવવું) કડક થાય ત્યાં સુધી ફ્રીજમાં રાખી દો.

ત્યારબાદ જેલીને તેના પેકેટમાં લખેલા માપ પ્રમાણેના પાણીમાં ઓગાળી સેટ કરવા મૂકો. (સામાન્ય રીતે ઓરેન્જ જેલીનો સ્વાદ પ્રમાણમાં સારો આવે છે.) જેલી અડધી સેટ થાય એટલે કે ઘટ્ટ થવા આવે ત્યારે તેમાં ઝીણા સમારેલા ફ્રુટના ટુકડા ડ્રાયફ્રુટના ટુકડા મિક્સ કરી તેને બિસ્કીટના સેટ થયેલા કરી પર પાથરી દો અને ફરી ફ્રીજમાં સેટ કરવા મૂકો. સેટ થઈ જાય એટલે સ્વીટ ક્રીમથી ડેકોરેશન કરી ટુકડા કરી સર્વ કરવું.

## સ્પે. શાહી ગોલા

***સામગ્રી :*** (૬ ગ્લાસ માટે) ૬ સ્કૂપ આઈસ્ક્રીમ (સામાન્ય રીતે ગોલામાં વેનીલા આઈસ્ક્રીમ વાપરવામાં આવે છે.) ૬ કપ બરફનો બારીક ભૂકો, ૬ ટે.સ્પૂન જેલી સ્વીટ્સના ટુકડા, ૬ ટે.સ્પૂન કાજુ, અંજીર, કિસમીસ, બદામના ટુકડા, ૬ ટે.સ્પૂન ઓરેન્જ ઘટ્ટ શરબત, ૬ ટે.સ્પૂન કેડબરી ચોકલેટના ટુકડા, ૧૨ નંગ નાના રસગુલ્લા અથવા તેમના તુકડા, ૨ ટે. સ્પૂન કોપરાની લાંબી છીણ.

***બનાવવાની રીત :*** સૌ પ્રથમ ઊંડા ગ્લાસમાં આઈસ્ક્રીમ નાખો. તેના પર ડ્રાયફ્રુટ્સ અને કોપરાની છીણ ગોઠવો. ત્યારબાદ બરફનો ભૂકો જેલી સ્વીટ્સના ટુકડા, રસગુલ્લા અને ઓરેન્જ શરબત નાખવું. સૌથી ઉપર ચોકલેટના ટુકડા તેમજ કોપરાની છીણ ભભરાવી, ચમચી મૂકી સર્વ કરો. આ ગોલા દેખાવમાં તેમજ સ્વાદમાં ખૂબ સારા લાગે છે.

## સ્પે. પનીર ડીલાઈટ પુડીંગ

***સામગ્રી :*** (૬ પીસ માટે) ૬ સ્લાઈસ વેનીલા કેક, ૦॥ ટી.સ્પૂન નેસકોફી પાવડર, ૩ કપ દૂધ, ૩ ટે.સ્પૂન વેનીલા કસ્ટર્ડ પાવડર, ૨ કપ ઝીણા સમારેલા મિક્સ ફ્રુટ, ૧ ટે.સ્પૂન ડ્રાયફ્રુટ, ૧ પેકેટ સ્ટ્રોબેરી જેલી, ૬ ટે.સ્પૂન ખાંડ પીસેલી, ૨૦૦ ગ્રામ પનીર, ૨૦૦ ગ્રામ સ્વીટ ક્રીમ, અખરોટ, જેમ્સ, ચેરી.

***બનાવવાની રીત :*** ચોરસ ડબ્બામાં પહેલા વેનીલા કેકની સ્લાઈસ ગોઠવો (કેકને બદલે વેનીલા ફ્લેવરના જાડા બિસ્કીટ પણ ગોઠવી શકાય.) દૂધમાં પ્રમાણસર ખાંડ નાખી ઘટ્ટ થાય એટલે ઉતારી, તેને ગરમ જ, કેક પર રેડી દો. ત્યારબાદ ૫ ટે.સ્પૂન પાણીમાં કોફી ઓગાળી તે પણ કેક પર રેડવું. ફ્રીજમાં સેટ કરવા મૂકો. સેટ થાય એટલે તેના પર ફ્રુટ્સના ટુકડા, ડ્રાયફ્રુટના ટુકડા પાથરો. ત્યારબાદ તેના પર જેલીને લખેલી સુચના પ્રમાણે બનાવીને પાથરી લો. તે સેટ થાય એટલે તેના પર ખાંડવાળું પનીર પાથરો અને છેલ્લે સૌથી ઉપર ક્રીમ પાથરી તેના પર અખરોટ, જેમ્સ, ચેરીથી ડેકોરેટ કરી ફ્રીજમાં સેટ કરી તેના યોગ્ય આકારમાં ટુકડા કરી સર્વ કરો.

*ભોજન — જીભ અને જીવન બંનેને અનુકૂળ રાખો.*

# સ્વાસ્થ્ય સેતુ

• શ્રીમતી પૂર્ણિમા કે. કંસારા - રાજકોટ •

## ચમત્કારીક ગુણો ધરાવતું અમૂલ્ય 'કરંજ'

- **કરંજની ઓળખ :**

★ ઔષધીય ગુણધર્મ ધરાવતું વૃક્ષ છે. ગુજરાતમાં કણજી તરીકે ઓળખાય છે.

★ આ વૃક્ષના પાંદડા બીલીપત્રને મળતા લીલા અને મધ્યમ કદના છે.

★ આ વૃક્ષની ડાળી લીલી સોટી જેવી હોય છે.

★ ઓછા પાણીથી ઉગે છે. મૂળીયા બહુ ઊંડા જતા નથી.

★ બકરી કે ગાય તેના પાંદડા ખાતા નથી.

★ ઉનાળામાં સફેદ બ્લ્યુ રંગના ફુલ (નાના) થાય છે. તેમાંથી ફળ થાય છે, જેમાંથી બદામી રંગનું બી નીકળે છે.

- **કરંજના ગુણો :**

★ મોઢાની દુર્ગંધનો રોગ મટાડે.

★ દુઃખતા દાંત, પેઢાનો રોગ મટાડે. દાઢના દુઃખાવામાં અક્સીર.

★ પેઢાના સોજાને મટાડે. તેમાંથી નીકળતું લોહી બંધ કરે.

★ મોઢામાં થતી રસી કે પાયોરીયા મટાડે.

★ નિયમિત કરંજનું દાતણ કરવાથી પીળા પડેલ દાંત સફેદ અને ચમકીલા બનાવે.

★ મોઢામાંથી બિનજરૂરી ચીકાશ દૂર કરે છે.

★ ગળામાં ભરાયેલ કફ દૂર કરે. પિત્ત બહાર કાઢે.

★ તમાકુના સેવનથી બંધ થયેલ મોં-ફાડ અમુક સમયના અંતરે ખોલી આપે છે.

★ બાવળ અને લીમડાના દાતણથી પણ વધુ અક્સીર.

- **ઉપયોગ :**

★ શ્રેષ્ઠ દાતણ છે. ફ્રીજમાં તેની ડાળી પ્લાસ્ટીકની થેલીમાં રાખી મૂકી ઉપયોગ કરી શકાય. ડાળીને તાજી રાખવા પાણીમાં પલાળી રાખવી નહીં.

★ નાના ટુકડા કરી, દિવસમાં ૨થી ૩ વખત સોપારીની જેમ ચાવી શકાય.

★ કરંજના પાંદડા જંતુનાશક છે. ગડ ગુમડામાં પાંદડા વાટી લુગદી બનાવી બાંધી શકાય.

★ પાંદડા ગરમ પાણીમાં ઉકાળી, નહાવાથી ચામડીનાં રોગમાં ફાયદો થાય છે.

★ ડાયાબિટીસના દર્દીને ફાયદાકારક.

★ કરંજના બી, માખણ સાથે લસોટી, ખસ, ખરજવા ઉપર લગાડવાથી અક્સીર અસરકર્તા.

★ 'બી' માંથી પાવડર બનાવી માથાના તેલમાં મેળવી ઉપયોગ કરવાથી ખોડો, જીવાત દૂર થાય.

★ કરંજના બી માંથી પાવડર બનાવી, એક ચમચી હળદર, બે ચમચી ચણાનો લોટ, પા ચમચી કરંજ પાવડર મેળવી ફેસ પેક બનાવી શકાય. તેનાથી ખીલ - મોં ની કાળાશ દૂર થાય.

★ કરંજની જાડી ડાળીની છાલ મોં માં ચગડવાથી અને તેનો રસ પેટમાં ઉતારવાથી વાયુ અને વા ના રોગ મટે. આજ રીતનો ઉપયોગ ડાયાબિટીસમાં પણ ઝડપથી ફાયદો કરે છે.

કરંજના ઉપરોક્ત ગુણોને ધ્યાનમાં લઈ આપણે દરેકે કંરજનું વૃક્ષારોપણ કરી, તેનાં શ્રેષ્ઠ ઉપયોગથી આરોગ્ય જતન તેમજ પર્યાવરણમાં વૃધ્ધિ જેવી જનઉપયોગી સેવા કરી શકીએ.

## અનેરી ટીપ્સ

૧. કેક પર આઈસીંગ સુગર લગાવતી વખતે આઈસીંગ સુગરમાં થોડુંક લીંબુનો રસ મેળવવાથી કેક સ્વાદિષ્ટ બનશે.

૨. કોઈપણ આઈટમ તળતી વખતે તેલમાં ચપટી મીઠું ભભરાવવાથી તેલ ઓછું વપરાશે.

૩. આદુ-લસણની પેસ્ટમાં થોડું લીંબુ રસ મિક્સ કરી ફ્રીજમાં રાખવાથી તે લાંબા સમય સુધી સારી રહેશે.

૪. રોટલીને લાંબો સમય નરમ રાખવા રોટલીના ડબ્બામાં એક ટુકડો આદુ રાખવો.

૫. ડ્રાયફ્રુટની બરણીમાં ત્રણ ચાર લવીંગ રાખવાથી તેમાં જીવાત નહીં પડે.

૬. ઈડલી ઢોંસા બનાવવા માટે ચોખાને પલાળતા પહેલાં થોડા શેકીને પલાળવાથી ઈડલી પોચી તથા ઢોસા કડક બનશે.

૭. ટોમેટો સોસ બનાવતી વખતે એક બ્રેડની સ્લાઈસ ગ્રાઈન્ડ કરી ઉકાળવાથી સુપ ઘટ્ટ અને સ્વાદિષ્ટ બનશે.


*સુધા એ. બુધ્ધભટ્ટી - ભુજ*

# દર્શનીય સ્થળ માતા ખીર ભવાની (કાશ્મીર)

• દિનેશ આર. પોમલ - અંજાર •

કાશ્મીર (શ્રીનગર)થી માત્ર ૨૨ કિ.મી.ના અંતરે આવેલ માતા ખીર ભવાનીનું મંદિર ખરેખર જોવાલાયક સ્થળ છે. અહીં રહેવા માટે તથા ખાવા પીવા માટેની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવેલ છે. માતા ખીર ભવાની માતાનો ઇતિહાસ કાંઈક આ રીતે છે.

કહેવાય છે કે લંકાપતિ રાવણે ઉગ્ર તપસ્યા કરી અને માતા પાર્વતીને વિનંતી કરી અને વરદાનમાં કહ્યું કે તમે લંકાના રાજ્યને સમૃધ્ધ અને શક્તિશાળી બનાવવા માટે તમો લંકામાં નિવાસ કરો. માતા પાર્વતીએ આ વિનંતી સ્વીકારી અને લંકા દ્વીપની ઉત્તરી દિશામાં મધ્યભાગના કુંડમાં જ્યાં નાગ દેવતાનું સ્થાન હતું ત્યાં માતા જગદંબા તામસીના સ્વરૂપથી રહેવા લાગ્યા અને રાવણ તથા રાક્ષસો લંકાના નિયમ મુજબ પૂજા કરવા લાગ્યા. પરંતુ માતા રાક્ષસોના દુર્વ્યવહારથી ક્રોધિત થતાં અસંતુષ્ઠ થયા. પછી જ્યારે ત્રેતા યુગમાં શ્રી રામચંદ્રજીએ લંકા ઉપર ચઢાઈ કરી ત્યારે માતા, રાવણનો નાશ ભવિષ્ય પામી જતાં, માતા ભગવતી શ્યામાએ મહાબલી હનુમાનને આદેશ આપ્યો કે માતાને પોતાના ખભા ઉપર બેસાડીને સતી દેશ કાશ્મીર લઈ જાય અને આમ કરવાથી લંકા તથા રાવણનો નાશ થઈ જાય અને આ રીતે હનુમાને માતાજીની આજ્ઞા અનુસાર ૩૬૦ નાગો સહિત દેવી શ્યામાને ખભા ઉપર ઉપાડીને કાશ્મીર તરફ પ્રયાણ કર્યું. જ્યાં તેઓ સૌપ્રથમ વિષ્ણુપાદ તીર્થ ઉપર રોકાણા અને ત્યાંથી અનંતનાગ, રામવન, વાદીપુર, કોટીતીર્થ, ચંડીપુર તથા શારદાતીર્થ ફરી અને પવિત્ર શાહીપુરની પાસે (કાશ્મીર)ના પ્રાગરાજ તીર્થ પાસે હિમાચલ પર્વતની શૃંખલાની તળેટીમાં અત્યંત ગીચ રમણીય જંગલમાં ઘટાદાર વૃક્ષોની વચ્ચે પોતાનું સ્થાન પસંદ કર્યું. જેને આપણે માતા ખીરભવાની એવું નામ આપેલ છે. આ રીતે સંત / ભક્તોના હિત માટે તામસી પ્રકૃતિ છોડી ભગવતી શ્યામા સાત્ત્વિક રૂપમાં પ્રતિષ્ઠિત થયા. આ પ્રતિષ્ઠિત કુંડમાં વચ્ચે સ્થાન પામેલ માતાજીની પૂજા નૈવેદ્ય પ્રસાદ દૂધ તથા મિષ્ટાન્ન ખીર તથા પુષ્પોથી શરૂઆત થઈ અને ખીરની પૂજાથી માતાજીનું નામ ખીર ભવાની નામથી જાણવા લાગ્યા.




- **ખીર ભવાની માતાજીની સ્થાપના :**

મુઘલોના શાસનકાળના અંતિમ દોરમાં શ્રીનગરમાં એક દેવી ઉપાસક પંડિત કૃષ્ણદયાલ જે એક કસ્બામાં રહેતા હતા તેમની ભક્તિથી પ્રભાવિત થઈને માતા ભગવતીએ તેમને સ્વપ્નના દર્શન આપ્યા અને આદેશ આપ્યો કે ગોધરલાલથી નૌકામાં સવાર થઈ એમના જલમગ્ન તીર્થસ્થાનની ખોજ કરે. પાણીમાં તરતો નાગ નૌકાને રસ્તો દેખાડશે. નાગ જ્યાં ઊભો રહેશે તે જગ્યા મા ભગવતીનું તીર્થસ્થાન હશે. ત્યાં માતાજીની પૂજા કરવામાં આવે. પંડિત બીજા ભક્તો સાથે ગંદરબલ તરફ ગયા. ત્યાં એક નાગ તરતો હતો. માતાજીના આદેશ મુજબ બધા તરતા નાગની પાછળ નૌકા હંકારી અને એક જગ્યા પર નાગ પોતાની ફેણ ચડાવીને ઊભો રહી ગયો. અને પંડિત કૃષ્ણદયાલજીએ તે જગ્યામાં એક વાંસ ખોડી દીધો. પછી નાગરાજ જ્યાં જ્યાં ફરતા ગયા ત્યાં ત્યાં પંડિત કૃષ્ણદયાલજી વાંસ ખોડતા ગયા. પછી નાગરાજ અદ્રશ્ય થઈ ગયા. ભક્તોએ રેતી, કાંકરી વડે આજુબાજુનો ભાગ પૂરી દ્વીપ જેવું બનાવ્યું. જે અત્યારે કાશ્મીરી પંડિતો દ્વારા સારી રીતે કુંડની વચ્ચોવચ્ચ માતાનું સ્થાન બનાવ્યું. કહેવાય છે કે પૂજારી ગણમાં મુખ્ય પૂજારી (મુખિયાજી) સૂર્યોદય પહેલા માતાજીની પૂજા કરી પોતાના રૂમમાં ચાલ્યા જાય છે અને સાંજે પૂજા માટે બહાર આવે છે. આ રસમ વંશપરંપરાથી ચાલી આવે છે. આજે પણ ત્યાં ગાદીપતિ મુખ્ય પંડિત છે, જેમના દર્શન સૂર્યોદય પહેલાં અથવા સૂર્યાસ્ત પછી જ થાય છે.

ખીર ભવાની માતાની પૂજા ખીર તથા ફૂલ દ્વારા થાય છે. આ રીતે કુંડમાં ખીર / ફૂલ પાણી જમા થવાથી આખો કુંડ એકદમ સફેદ થઈ જાય છે. જ્યારે જ્યારે દેશમાં આપત્તિ આવવાની હોય છે ત્યારે આ ખીરનો રંગ સફેદને બદલે કાળો થઈ જાય છે. આ કુંડની વિશેષતા એ છે કે આમાં તરતા ફૂલ ઘણી વખત યંત્રનો આભાસ ઊભો કરે છે જેના દર્શન અલભ્ય હોય છે. ખીર ભવાની માતાજીના સ્થાનક પર પહોંચવા માટે જમ્મુ સુધી રેલ્વે છે, ત્યારબાદ સડક રસ્તે જવાનું હોય છે. નજીકનું એરપોર્ટ શ્રીનગર છે તથા જમ્મુથી બસ દ્વારા અથવા નાના મોટા વાહનો દ્વારા જઈ શકાય છે.

મારા જાત અનુભવ ઉપરથી આ લેખ મોકલેલ છે. કચ્છમાંથી આપણા ભાઈઓ/બહેનો જે બાબા અમરનાથ જવા માટે રજીસ્ટ્રેશન કરાવવું પડે છે. તો તે માટે અમો અહીં કચ્છથી જ રજીસ્ટ્રેશન કરાવી આપવા માટેની વ્યવસ્થા ૨૦૦૮થી કરવાનું નક્કી કરેલ છે. માટે જે ભાઈઓ/બહેનોને "બાબા અમરનાથ" વિશે વધુ માહિતી - માર્ગદર્શન જોઈએ તો અમને રૂબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરી શકે છે.

# હાર્દિક અભિનંદન

## મેથેમેટીક્સ મહારથી - હાર્દિક સોની



ગાંધીનગર સ્થિત **શ્રી નરેન્દ્રકુમાર મગનલાલ સોની (મહીચા)**ના સુપુત્ર શ્રી **હાર્દિક સોની**એ, તાજેતરમાં મેથેમેટીક્સના ગહન વિષયમાં સંશોધન કરી ગુજરાત યુનિવર્સિટીથી ડૉક્ટરેટ પદ હાંસલ કર્યું છે. ચિ. હાર્દિકનો જન્મ ૧૮ સપ્ટેમ્બર, ૧૯૭૯. ૧૯૯૪માં ડિસ્ટીંક્શન સાથે બોર્ડની પરીક્ષા ઉત્તીર્ણ થયા. બાદ ૨૦૦૧માં મેથેમેટીક્સ સાથે એમ.એસસી. થયા. ડૉ. હાર્દિકની ઉજ્જવળ શૈક્ષણિક કારકીર્દિ બાદ તેઓશ્રી ગાંધીનગર તેમજ અમદાવાદની ટેકનીકલ તેમજ મેનેજમેન્ટ ક્ષેત્રે નામી સંસ્થાઓમાં વિઝીટીંગ ફેકલ્ટી તરીકે સેવાઓ આપે છે. તેમજ ચીમનભાઈ પટેલ પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન્સ, અમદાવાદ (એમ.સી.એ.)માં ઓગસ્ટ-૨૦૦૨થી આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત છે.

## યુવા પ્રતિભા



**નીલેશ બાબુભાઈ સોની (પોમલ), આદિપુર (કચ્છ)**માં ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટમાં "લેક્ચરર" તરીકે કાર્ય કરે છે.

તેઓ આદિપુરમાં તોલાણી કોલેજમાં વર્ષ-૨૦૦૦માં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઈ "સિલ્વર મેડલ" મેળવ્યો. ત્યારબાદ વલ્લભવિદ્યાનગરમાં BVM Engg. Collegeમાં પ્રવેશ મેળવેલ. ત્યાં એન્જીનીયરીંગનો અભ્યાસક્રમ ૭૦.૦૫% માર્કસ સાથે પૂર્ણ કર્યો. તાજેતરમાં તેઓએ અખિલ ભારતીય તાલીમ સંસ્થા દ્વારા ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ વિષય અંતર્ગત "Operation and Maintenance of Induction Motor"ની વિશેષ તાલીમ પણ મેળવી છે.

## પાર્થનો પુરૂષાર્થ



અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળ - મુંબઈ સંલગ્ન અને 'ધ્વનિ' સંચાલિત સંગીત શિક્ષણ કેન્દ્ર - ભુજમાં એપ્રિલ-મે ૨૦૦૭ના સત્રમાં લેવાયેલ પરીક્ષામાં ગાયન-વાદન અને નૃત્ય - જેમાં તબલા વાદનમાં સ્વામિનારાયણ હાઈસ્કુલ ભુજમાં ધોરણ-૮ માં અભ્યાસ કરતાં **પાર્થ વિનયભાઈ પી. પોમલ - ભુજ** (ઉં.વ.-૧૩) પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે "શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરીષદ - અમદાવાદ" દ્વારા લેવાયેલ "સંસ્કૃત મધ્યમા" પરીક્ષામાં જીલ્લામાં બીજા નંબરે ઉત્તીર્ણ થયા છે.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ તથા સોલંકી કુળનું ગૌરવ



**ચિ. જીનલ પ્રવીણભાઈ સોલંકી,** પી.ટી.સી. પ્રથમ વર્ષ ૨૦૦૭માં ૮૫.૨૬% સાથે સમગ્ર કચ્છમાં તથા મુંદ્રા પી.ટી.સી. કોલેજમાં પ્રથમ આવ્યા છે. ગત વર્ષે ખીમજી રામદાસ કન્યા વિદ્યાલય - માંડવી મધ્યે પ્રથમ તેમજ માંડવી તાલુકામાં પણ પ્રથમ રહી સોલંકી પરિવારનું ગૌરવ વધારેલ છે. પી.ટી.સી. દ્વારા સ્વનિર્ભર થઈ તેણી બેન્કીંગ ક્ષેત્રે પોતાની કારકીર્દિ ઘટવા ઈચ્છે છે.

ચિ. જીનલની પ્રતિભાથી 'સેતુ'ના વાંચકો પરીચિત છે. તેમના કાવ્યો અને કૃતિઓથી સેતુની શોભા વધી રહેલ છે.

## બુધ્ધભટ્ટી પરિવારનું ગૌરવ




**ચિ. દુલારી જગદીશચંદ્ર બુધ્ધભટ્ટી** હાલમાં નિરમા યુનિવર્સિટીમાં B.Tech. in Computer Engineeringમાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થઈ માસ્ટર ડિગ્રી માટે (વધુ અભ્યાસ અર્થે) U.S.A. અમેરિકા U.T.D. (યુનિ. ટેક્સાસ ઓફ ડેલ્લાસ) કોલેજમાં સ્થાન મેળવેલ છે. ઉચ્ચ અભ્યાસ અર્થે તા. ૧૯-૭-૦૭ના રોજ અમેરિકા જવા રવાના થયેલ છે.

★ **કુ. ખ્યાતિ કે. બારમેડા (ઘડાણી હાલે નડિયાદ)**



ટેકનીકલ એક્ઝામિનેશન બોર્ડ ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭માં લેવાયેલ એમ્બ્રોયડરી એન્ડ ફેન્સી વર્ક, ગારમેન્ટ મેકીંગ તથા T.T.N.C.ની પરીક્ષા ફર્સ્ટ ક્લાસથી ઉત્તીર્ણ કરેલ છે. કુ. ખ્યાતિ જણાવે છે કે આપણા સમાજની બહેનો કોઈ કારણસર આગળ અભ્યાસ કરવા ન ઈચ્છતી હોય તેને પોતાના જીવન દરમ્યાન ઉપયોગી થશે તે વો સીવણ ક્લાસનો કોર્સ કરે તો તેને તેના જીવનમાં ખૂબ જ ઉપયોગી થઈ શકે.

# જ્ઞાતિના તેજસ્વી તારલાઓ



**હીનલ અશોક બુધ્ધભટ્ટી**
૯૭.૩%



**વત્સલ અશોક બુધ્ધભટ્ટી**
સીનીયર કે.જી. : ૯૧.૨%



**વિશ્વ હીરેન બુધ્ધભટ્ટી**
ધોરણ-૨ : ૯૫.૩૩%



**ક્રિષ્ના જયેશભાઈ છત્રાળા**
ધોરણ-૩ : ૯૫%




**વરૂણ કાંતિલાલ સોની**
ધોરણ-૭ : ૮૮.૦%



**પૂનમ કાંતિલાલ સોની**
S.S.C. : ૭૭.૬૯%



**ચિરાગ ઈશ્વરલાલ સોની**
S.S.C. : ૮૦%



**ધારા મહેન્દ્ર કોટડીયા**
M.Com. Part-2



**કિસન જયંતીલાલ સોની**
ધોરણ-૧૨ : ૭૯.૦%



**જયદીપ રાહુલ પોમલ**
ધોરણ-૭ : ૮૬.૦%

### ALOHA MATHS CLASS – LEVEL-1



**દીતિ જી. સોની**
અમદાવાદ
૯૯%



**મનન જી. સોની**
અમદાવાદ
૯૬%




**શાલીન જે. સોની**
અમદાવાદ
૯૨%

### ગત અંકમાં થયેલ ભૂલ સુધાર



**હેન્સી શાંતિલાલ બુધ્ધભટ્ટી**
અંજાર
ધોરણ-૧૨ : ૮૩.૪૫%



**રૂષભ શાંતિલાલ કટ્ટા**
અંજાર
ધોરણ-૩ : ૯૧.૮૩%

# "જ્ઞાતિ-સેતુ" પરિવારમાં નવા જોડાયેલા સભ્યોની યાદી

*દેશના વિવિધ વિસ્તારોમાંથી તથા વિદેશમાંથી સેતુ પરિવારમાં જોડાઈ રહેલ સર્વે જ્ઞાતિજનોને અમો સહર્ષ આવકારીએ છીએ.*

| | | |
|---|---|---|
| ૧. | પરેશ વેલજીભાઈ સોની | માંડવી |
| ૨. | જગદીશ શાંતિલાલ સોની | ભુજ |
| ૩. | સંજય મનસુખલાલ બુધ્ધભટ્ટી | માંડવી |
| ૪. | ઉમેશ કાંતિલાલ છત્રાળા | સિકંદ્રાબાદ |
| ૫. | સુરેશ વલ્લભદાસ હેડાઉ | માંડવી |
| ૬. | ઈશ્વરલાલ ધનજી મૈચા | માંડવી |
| ૭. | સુનીલ મેઘજીભાઈ કંસારા | માંડવી |
| ૮. | ચંદુલાલ વાલજી કંસારા | માંડવી |
| ૯. | સુરેશ ભગવાનજી સોની | માંડવી |
| ૧૦. | મનોજ એન. બારમેડા | ભુજ |
| ૧૧. | સુરેશભાઈ નારાણભાઈ કટ્ટા | વિથોણ |
| ૧૨. | વિપાનીભાઈ બાબુલભાઈ બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૩. | પ્રવીણચંદ્ર મોહનલાલ બગ્ગા | નખત્રાણા |
| ૧૪. | શૈલેષકુમાર રમણિકલાલ સોની | નખત્રાણા |
| ૧૫. | રસીકલાલ વેલજીભાઈ બુધ્ધભટ્ટી | કોટડા (જડોદર) |
| ૧૬. | વિશનજી ભગવાનજીભાઈ સોની | ભુજ |
| ૧૭. | અરવિંદ પોપટલાલ સાકરીયા | માંડવી |
| ૧૮. | ઇંદીરાબેન એમ. પોમલ | અંજાર |
| ૧૯. | મૌસમી રાજેન્દ્ર કંસારા | અંજાર |
| ૨૦. | રમેશચંદ્ર કાંતિલાલ વાઘેલા | માધાપર |
| ૨૧. | પ્રાણલાલભાઈ કંસારા | સિકંદ્રાબાદ |
| ૨૨. | નરોત્તમ હરીલાલ છત્રાળા | અંજાર |
| ૨૩. | અનિલ કેશવલાલ છત્રાળા | ભુજ |

# કાવ્યો – મુક્તકો

## રાજા મેઘની સવારી

*આવો રે વ્હાલા મેઘરાજ*
*વરસ્યા છો તમે આખી ાત*
*કહેવી છે તમને એક જ વાત*
*તમે ખરેખર છો 'મેઘરાજ?'*
*ઉડી ડમરીઓ અને ઘેરાયા વાદળો*
*અદ્રશ્ય થયા રવિ અને કહેવા લાગ્યા કવિ*
*આ છે મેઘરાજાની સવારી.*
*જેમણે શીતળ હવા પ્રસારી*
*ટપટપ ફરી વરસ્યા તમે*
*ખેડૂતોને પણ રાહત થઈ હવે*
*દુષ્કાળના થઈ ગયા છો દુશ્મન તમે*
*ફરી વરસજો તમે આવી જ રીતે પણ આવતા વર્ષે*
*વધુ વરસ્યા જો તમે તો આવી જશે પૂર*
*ગામડાઓ જશે ડૂબી નહીં રહે વિનાશકર*
*મેઘરાજ તમે જ તો છો કલ્યાણકારી*
*આ છે મેઘરાજાની સવારી.*

**સોની કિશન સુરેશભાઈ - માંડવી**

## મન મારૂં બની મર્કટ

કૂદે એકથી બીજી ડાળ
ખાશે થાપ પકડતા ડાળ, થાશે પંગુ ખાઈ પછડાટ.
મર્કટ તો કૂદે અસલી ડાળ,
અને મન મારૂં કલ્પિત ડાળ,
ડાળ અસલી જલ્દી ના તૂટે,
કલ્પિત તૂટે એકપણ વાર,
મન મારૂં બની...
બાંધી સાંકળ મારૂં તાળું,
કૂંચી ફંગોળું હું જોજન દૂર,
કરે મજાક ઊભું રહીને દૂર
મન મારૂં બની....
ઘણું સમજાવ્યું પણ ના માને,
કેવું કજીયાખોર કમબખ્ત!
મર્કટ જોઈ એને શરમાય,
એવી નાદાનીની વટાવે હદ,
મન મારૂં બની....
મર્કટ તો વાંદરમાં ખપે
અને મન તો મારૂં માણસમાં,
માણસના સમાલોચક ઘણાં
અને વાંદરના છે કોઈ?

**મનોજ એન. બારમેડા - ભુજ**

## અભિલાષા

સૌથી પહેલા સહુ માનવમાં માનવતાનો વાસ થજો,
સૌના વિવેક વિચારોનો ઉત્તરોત્તર વિકાસ થજો;
સત્યરૂપી પરમેશ્વરનું સર્વત્ર આકર્ષણ હો,
અહિંસક ઉપાય ઉપર સૌને સંપૂર્ણ વિશ્વાસ રહો.
પ્રેમ અને કરૂણાની પાંખે સમાજ ઉર્ધ્વગામી હો
સર્વેનો ઉદય કરવાની નિષ્ઠા સહુમાં જાગી હો
અભેદભાવે પ્રત્યેક માનવ પરસ્પર સહયોગી હો,
વ્યક્તિગત સૌના વ્યવસાયો આતમને ઉપયોગી હો.
પુનીત મુક્ત સુખ શાંતિમય સમાજ જીવન સૌના હો,
શોષણવિહીન શાસન મુક્ત અહિંસક સમાજરચના હો.
નૈતિક અને આધ્યાત્મિક્તાનાં સમાજમાં મૂલ્યાંકન હો
અનર્થકારી મૂલ્યાંકનોનું સર્વથા વિસર્જન હો.
વિશ્વશાંતિ હો ક્રાંતિકારી પામરતાને હો હરનારી,
ક્રાંતિ પણ હો, શાંતિ દ્વારા નિર્ભય સૌને કરનારી,
બ્રહ્મજ્ઞાન સહ વિજ્ઞાનનો ઉપયોગ સૌના હિતમાં હો,
સમષ્ટીનું શ્રેય સાધવા ધ્યેય સર્વનાં ચિત્તમાં હો.

***પ્રિયા પરમાર - અંજાર***

## ધ્યેય

દીપક સળગી રહ્યો હતો. ઘી ખલાસ થવા માંડ્યું. જ્યોત ધીમી થવા લાગી. પવનની લહેરોએ જોયું કે હવે દીપક પર વિજય મેળવવો સરળ છે. તો તે લહેરોએ એકત્ર થઈને ઝડપથી આક્રમણ કર્યું. નીચે અંધકાર છવાયેલો હતો. અટ્ટહાસ્ય કરીને તે હસ્યો અને બોલ્યો, 'દીપક હવે તો તારો અંત હાથવેંતમાં છે. થોડી જ વારમાં અમારૂં સામ્રાજ્ય છવાઈ જશે.''

દીપક હસ્યો અને બોલ્યો, 'બંધુ, એ જોજે. એ કામ તો વિધાતાનું છે. મારૂં ધ્યેય છે પ્રકાશ માટે સતત પ્રગટતા રહેવું. તો હવે અંત સમયે શા માટે મોં ફેરવી લઉં?' આ પ્રમાણે કહીને તે એકવાર વેગથી એટલો સળગ્યો કે ત્યાંથી અંધકાર સંપૂર્ણ દૂર થઈ ગયો. ભલે પછી બીજી ક્ષણે દીપકનું અસ્તિત્વ સ્વયં પણ બચ્યું નહીં.

***હિતેષ કાંતિલાલ કટ્ટા - આદિપુર***

## એકલો....

| | | |
|---|---|---|
| તારીખો પણ ત્રીસ | - | ને માણસ એકલો |
| અઠવાડિયા પણ ચાર | - | ને માણસ એકલો |
| મહિના પણ બાર | - | ને માણસ એકલો |
| ઋતુઓ પણ છ | - | ને માણસ એકલો |
| વર્ષ પણ અનેક | - | ને માણસ એકલો |
| કામ પણ ઘણા | - | ને માણસ એકલો. |

***''માણસ માણસને મળતો જ નથી, એ એકલો અને એકલવાયો છે.''***

**પ્રકાશ પી. સોની (શંભુ) - નખત્રાણા**

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

ગત અંકમાં પૂછાયેલ પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે : **(૧) ચેસ, (૨) મહારાષ્ટ્ર, (૩) પ્લુટો.**

સાચા જવાબો આપનાર મિત્રો છે : (૧) વિદુલા કાંતિલાલ કટ્ટા - આદિપુર, (૨) મનોજ એન. બારમેડા - ભુજ, (૩) હિતેશ કાંતિલાલ કટ્ટા - આદિપુર, (૪) નિમિષા હિતેશ કટ્ટા - આદિપુર, (૫) રીટા જે. બુધ્ધભટ્ટી - ભુજ, (૬) શીતલ એ. બુધ્ધભટ્ટી - ભુજ, (૭) કેવલ્યા જીજ્ઞેશ કંસારા - ભચાઉ.

જે પૈકી ભાગ્યશાળી વિજેતા છે : **શીતલ એ. બુધ્ધભટ્ટી - ભુજ.** તેમને રૂા. ૧૦૧/-નું ઈનામ **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી આપવામાં આવે છે. અભિનંદન.

***હવે આ અંકના પ્રશ્નો નીચે મુજબ છે :***

૧. હાલમાં ભારત - અમેરિકા વચ્ચે પરમાણું ઊર્જા વિશ થયેલ કરાર કયા નામથી ઓળખાય છે?
   (૧) ૧, ૨, ૩ કરાર; (૨) ૨, ૪, ૬ કરાર; (૩) ૦૦૭ કરાર.
૨. લાલ મસ્જીદ ક્યાં આવેલી છે?
   (૧) ભારત, (૨) પાકિસ્તાન, (૩) ઈરાક
૩. સ્વતંત્ર ભારતના સૌપ્રથમ રાષ્ટ્રપતિ કોણ હતા?
   (૧) ડો. રાજેન્દ્ર પ્રસાદ, (૨) શ્રી જવાહરલાલ નહેરૂ, (૩) ડો. રાધાકૃષ્ણન.

*ઉપરોક્ત સવાલોના જવાબો તા. ૩૧-૯-૨૦૦૭ સુધી, તંત્રીશ્રી, જ્ઞાતિસેતુ કાર્યાલયને સરનામે લખી જણાવશો. સાચો જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને* **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** *તરફથી રૂા. ૧૦૧/-નું રોકડ ઈનામ મળશે. તો થાવ તૈયાર... બેસ્ટ ઑફ લક...*

## રમૂજની રંગત

ટીનીયો : પપ્પા, તમે અંધારામાં પણ સહી કરી શકો?
પપ્પા : હા, બિલકુલ કરી શકું.
ટીનીયો : હું તમને કહું ત્યાં સહી કરી દેશો?
પપ્પા : હા, પણ શેના પર કરવી છે?
ટીનીયો : મારા પરિણામપત્ર પર.

***મનોજ એન. બારમેડા - ભુજ***

## અભિનંદન



**પ્રિયા અશોકભાઈ બુધ્ધભટ્ટી,** B.Com. (Eng.) (ભુજ) કીંગફીશર એરલાઈન્સ - ભુજ એરપોર્ટ ખાતે ગેસ્ટ સીક્યુરીટી એજન્ટ તરીકે જોડાવા બદલ 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી અભિનંદન.

## માનસી બાળ 'શબ્દ કસોટી'

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ■ |
| | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | ૮ | ■ | | ■ | |
| ૯ | | ■ | ■ | ૧૦ | |
| ■ | ૧૧ | ૧૨ | ૧૩ | | ■ |
| ૧૪ | ■ | ૧૫ | | | ■ |

મિત્રો, ગત અંકમાં શરતચૂકથી ચોકઠો છાપવામાં ભૂલ થઈ હોવાથી તે કસોટી રદ કરેલ છે. ઉપરોક્ત શબ્દ ચોકઠા અને આડી-ઊભી ચાવીઓના આધારે યોગ્ય શબ્દો શોધી આપનો જવાબ ***તા. ૩૧-૯-૨૦૦૭*** સુધીમાં 'જ્ઞાતિસેતુ' કાર્યાલયમાં મોકલાવી આપશો. આગામી અંકમાં પ્રકાશિત ઉકેલ સાથે જેમના જવાબ મળતા હશે તેમના નામ 'સેતુ'માં પ્રકાશિત થશે. ભાગ્યશાળી વિજેતાને સ્વ. માનસીની સ્મૃતિમાં રૂા. ૧૦૧/-નું ઈનામ પણ આપવામાં આવશે. તો થાવ તૈયાર....

### આડી ચાવીઓ

૧. માણસ (૩) ૪. સુંદર (૪)
૭. શ્રીકૃષ્ણના સખી (૨) ૯. એક ધાન્ય (૨)
૧૦. શરીર (૨) ૧૧. એક વાધ્ય, તાળી (૪)
૧૪. નામની આગળ લખાતો માનવાચક પ્રત્યય (૧)
૧૫. આશ્ચર્યકારક, નવાઈ પમાડે તેવું (૩)

### ઊભી ચાવીઓ

૧. રાજાધિરાજ (૪) ૨. પરાક્રમી (૨)
૩. જંગલના જીવ (૨) ૫. એક કઠોળ (૨)
૬. અહીં નમય આડું અવળું થઈ ગયું છે (૩)
૮. ધારણ કરનાર (૩) ૧૦. વ્યસનની તીવ્ર ઈચ્છા (૩)
૧૨. નસ (૨) ૧૩. રાજનો મુગટ (૨)

## ભૂલ સુધાર

★ ચિત્ર સ્પર્ધાના પરિણામમાં વિભાગ 'બી'માં પ્રથમ સ્થાને રિધ્ધિ રમેશભાઈ સોની વિજેતા થયેલ છે. તેમનું ચિત્ર ગત અંકમાં મુખપૃષ્ઠ ઉપર આપવામાં આવેલ. પરિણામમાં શરતચૂકથી વિરલ જયેશભાઈ સોલંકીનું નામ છપાયેલ છે. વિરલ સોલંકીને સ્પર્ધામાં ભાગ લેવા બદલ અભિનંદન અને શુભકામના.

★ ચિ. નેહાને અભિનંદન આપતી અમદાવાદ જ્ઞાતિની જાહેરાતમાં કારોબારી સભ્ય શ્રી કિરીટભાઈ વી. કંસારાનું નામ શરતચૂકથી રહી ગયેલ.

***'સેતુ'ના અંકમાં રહેલ ક્ષતિ તરફ ધ્યાન દોરનાર જ્ઞાતિ મિત્રોને ધન્યવાદ.***

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા - સોની જ્ઞાતિ મહામંડળ ભુજ - કચ્છ

ફોટોગ્રાફ

આયોજીત

## યુવક-યુવતી પરિચય મેળો - ૨૦૦૭

૧. યુવક/યુવતીનું પુરું નામ (નુખ/અટક સાથે) :.......................................................

૨. પિતાનું પુરું નામ : .......................................................

૩. માતાનું પુરું નામ : .......................................................

૪. જન્મ તારીખ :...................... સ્થળ :......................... સમય : ......................

૫. અભ્યાસ : .......................... વ્યવસાય : ...................... માસિક આવક : ..............

૬. ઊંચાઈ :............................. વજન : ........................ બ્લડ ગ્રુપ : ..................

૭. ફોન નંબર : (ઘર) ................. (ઓફિસ) ........................ (મો) ..........................

૮. પિતાજીનો વ્યવસ્યાય : .......................................................

૯. ઘરનું સરનામું :.......................................................

૧૦. મૂળ વતન : .......................................................

૧૧. મોસાળની વિગત :.......................................................

૧૨. શું આપ પસંદગી મેળામાં જોડાવવા માંગો છો? ☐ હા ☐ ના

૧૩.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **છુટાછેડા** | હા / ના | **વિધુર** | હા / ના | **શારીરિક ખોડખાંપણ** | હા / ના |

_______________________

*યુવક/યુવતી અથવા વાલીની સહી*

**• સૂચન •**

**★ પરિચય-પુસ્તિકા માટે ★**

(૧) કોઈપણ જાતની એન્ટ્રી ફી આપવાની રહેશે નહીં. (૨) ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઉપરની હોવી જોઈએ. (૩) એક કલર ફોટો ફોર્મમાં ચોંટાડવો તથા એક કલર ફોટો અલગ બીડવો.

**★ પરિચય મેળા માટે ★**

(૧) પરિચય મેળા માટે એન્ટ્રી પાસ અલગથી લેવાના રહેશે. (૨) ઉમેદવારની એન્ટ્રી ફી રૂા. ૨૫૧/- રહેશે. (૩) ભાગ લેનારને રહેવાની વ્યવસ્થા જાતે કરવાની રહેશે. (૪) કાર્યક્રમમાં સમયસર હાજરી આપવાની રહેશે. નિયત સમયથી ૩૦ મિનિટ મોડા આવનારનું નામ રદ થયેલ ગણાશે. (૫) ઉમેદવારની સાથે એન્ટ્રી-પાસમાં અન્ય બે વ્યક્તિ કાર્યક્રમમાં આવી શકશે. આ ઉપરાંત અન્ન્ય કોઈએ આવવું હોય તો અલગ એન્ટ્રી પાસ લેવાના રહેશે. (૬) ખાસ નોંધ : પરિચય મેળામાં ભાગ લેનાર ઉમેદવારે સ્ટેજ પર પોતાનો પરિચય જાતે આપવાની જરૂર રહેશે નહીં. સંસ્થાના પ્રવક્તા ઉમેદવારનો પરિચય માનપૂર્વક આપશે. (૭) ફોર્મ વહેલી તકે નીચેના સરનામે મોકલી આપવા વિનંતી.

**ફોર્મ મોકલવાની છેલ્લી તા. ૧૫-૯-૨૦૦૭**

**• વધુ માહિતી માટે સંપર્ક •**

**હરીલાલ લખમશી સોની કન્વીનર (મો. ૯૮૭૯૫ ૩૦૮૫૪)**
મે. સોની હરિલાલ લખમશી જ્વેલર્સ પ્રા.લિ.
શાસ્ત્રી માર્ગ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.

**સમીર રમેશચંદ્ર કંસારા-મંત્રી (મો. ૯૪૨૬૨ ૬૫૨૧૪)**
૨૦૨, ધવલ કોમર્શિયલ સેન્ટર, છઠ્ઠીબારી રોડ,
ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

CUT FROM HERE

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા - સોની જ્ઞાતિ મહામંડળ ભુજ - કચ્છ

## યુવક-યુવતી પરિચય મેળો સમિતિ - ૨૦૦૭

| સમિતિ | નામ | ગામ | ફોન |
|---|---|---|---|
| કન્વીનર | શ્રી હરીલાલ લખમશી વીસા પરમાર | અંજાર | ૯૮૭૯૫ ૩૦૮૫૪ |
| મંત્રી | શ્રી સમીરભાઈ રમેશચંદ્ર કંસારા | ભુજ | ૯૪૨૬૨ ૬૫૨૧૪ |
| સહકન્વીનર અને કો-ઓર્ડિનેટર | શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી | ભુજ | ૯૮૨૫૨ ૮૭૬૮૬ |
| ચેરમેન (સામાજીક કમિટી) | શ્રી ઈંદુલાલ હરીરામભાઈ સોલંકી | ભુજ | ૯૩૭૪૩ ૩૭૬૭૮ |
| મહિલા કો-ઓર્ડિનેટર | શ્રીમતી જયશ્રીબેન ભરતભાઈ પરમાર | ભુજ | ૯૩૭૭૭ ૩૧૦૧૦ |
| | શ્રીમતી શાંતાબેન અમૃતલાલ બારમેડા | અંજાર | ૯૪૨૬૨ ૬૫૦૮૬ |
| એડવાઈઝરી કમિટી | શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ સોની | ભુજ | ૯૮૨૪૦ ૯૦૪૭૪ |
| | શ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોની | વડાલી | ૯૪૨૭૩ ૬૫૩૭૭ |
| | શ્રી બાબુભાઈ મંજલવાળા | મુંબઈ | ૦૯૮૬૯૧ ૯૩૦૦૨ |
| | શ્રી શૈલેષભાઈ હંસરાજભાઈ કંસારા | ભુજ | ૯૮૨૫૦ ૧૨૫૦૩ |
| ખજાનચી | શ્રી વિનોદભાઈ લાલજીભાઈ સોની | ભુજ | ૯૪૨૭૫ ૬૪૬૭૩ |
| સમિતિ સદસ્ય | શ્રી સુનીલભાઈ માધવજી પોમલ | ભુજ | ૯૮૯૮૦ ૮૯૧૪૧ |
| | શ્રી નીતિનભાઈ અમૃતલાલ | ભુજ | ૯૮૭૯૦ ૮૦૫૩૬ |
| | શ્રીમતી લતાબેન સોલંકી | ભુજ | ૦૨૮૩૨-૩૨૯૭૮૯ |
| | કુ. સુધાબેન બુધ્ધભટ્ટી | ભુજ | ૯૯૨૫૩ ૧૩૭૩૪ |
| | શ્રી શીવલાલભાઈ સોની | અંજાર | ૯૮૨૫૨ ૩૭૩૪૨ |
| | શ્રી દિનેશભાઈ સાકરીયા | અંજાર | ૯૮૨૫૧ ૫૩૬૫૧ |
| | શ્રીમતી સ્મિતા એચ. સોની | અંજાર | ૯૮૨૪૪ ૩૨૬૪૦ |
| | કુ. એકતાબેન કટ્ટા | અંજાર | ૯૮૭૯૧ ૯૪૩૩૪ |
| | શ્રી હીરાલાલભાઈ મોહનલાલ બગ્ગા | નખત્રાણા | ૯૮૭૯૧ ૨૨૧૬૦ |
| | શ્રી સુરેશભાઈ પ્રાગજીભાઈ સોલંકી | માંડવી | ૯૮૭૯૨ ૧૬૧૪૦ |
| | શ્રી લખમશીભાઈ ઈશ્વરલાલ કોટડીયા | ઉગેડી, તા. નખત્રાણા | ૯૪૨૭૭ ૬૬૬૪૫ |
| | શ્રી ચુનીલાલ મનજીભાઈ પોમલ | કોઠારા | ૯૯૨૫૧ ૬૯૩૯૯ |
| | શ્રી રમેશભાઈ રતનશીભાઈ સોની | નલીયા | ૯૪૨૭૪ ૩૪૨૯૫ |
| | શ્રી દર્શનાબેન ગુજરાતી | માનકુવા | ૯૯૨૫૩ ૧૪૬૩૪ |
| | શ્રી જેઠાલાલભાઈ સોની | તલોદ | ૦૨૭૭૦ ૨૨૦૮૩૫ |
| | શ્રી મનુભાઈ કોટડીયા | અમદાવાદ | ૯૪૨૬૬ ૯૪૨૭૭ |
| | શ્રી અતુલભાઈ સોની | અમદાવાદ | ૯૮૨૫૦ ૩૦૧૪૦ |
| | શ્રી ચીમનલાલ બારમેડા | વડોદરા | ૯૮૯૮૫ ૧૫૧૨૫ |
| | શ્રી કાંતિલાલભાઈ વાલજીભાઈ કંસારા | રાજકોટ | ૯૮૨૫૨ ૮૭૪૩૪ |
| | શ્રી પ્રકાશભાઈ બારમેડા | રાયપુર | ૯૮૨૬૩ ૦૮૨૦૮ |

**સૌજન્ય : શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ સોની**

**પ્રમુખ - અખિલ ભારતીય કંસારા સોની જ્ઞાતિ મહામંડળ, ભુજ-કચ્છ.**

- શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી, પ્રમુખ-ભુજ
  મો. ૯૮૨૫૨ ૮૭૬૮૬
- શ્રી શીવલાલ શામજી મહીચા, પ્રમુખ - અંજાર
  મો. ૯૮૭૯૨ ૫૧૧૫૩
- શ્રી હિંમતલાલ બેચરદાસ બગ્ગા, પ્રમુખ - નખત્રાણા
  મો. ૯૮૨૫૭ ૪૮૨૮૪
- શ્રી વિનોદભાઈ સોલંકી, પ્રમુખ - માંડવી
  મો. ૯૮૯૮૮ ૩૧૫૨૦
- શ્રી હરીલાલ મોહનલાલ બગ્ગા, પ્રમુખ - પશ્ચિમ કચ્છ
  મો. ૯૮૭૯૧ ૨૨૧૬૦
- શ્રી ચુનીલાલ માવજી પોમલ - કોઠારા
  મો. ૯૯૨૫૧ ૬૯૩૯૯
- સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈ - સાબરકાંઠા
  મો. ૯૪૨૭૩ ૬૫૩૭૭
- શ્રી વિનોદભાઈ રામજીભાઈ સોની - રવાપર
  મો. ૯૮-૨૮૩૫-૨૭૫૬૭૫
- શ્રી જેઠાલાલ રાઘવજી ગુજરાતી
  મો. ૯૫-૨૮૩૧-૨૨૨૩૬૦
- શ્રી બાબુભાઈ સાકરીયા (મંજલવાળા), પ્રમુખ - મુંબઈ
  મો. ૦૯૮૬૯૧ ૯૩૦૦૨
- શ્રી મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા, પ્રમુખ - અમદાવાદ
  મો. ૯૪૨૬૬ ૯૪૨૭૭
- શ્રી પ્રકાશ ભગતભાઈ બારમેડા, પ્રમુખ-રાયપુર
  મો. ૦૯૮૨૬૩ ૦૮૨૦૮
- શ્રી ચમનલાલ વેલજીભાઈ બારમેડા - વડોદરા
  મો. ૯૮૯૮૫ ૧૫૧૨૫
- શ્રી કાંતિલાલ વાલજીભાઈ કંસારા - રાજકોટ
  મો. ૯૮૨૫૨ ૮૭૪૩૪
- શ્રી કિશોરભાઈ કલ્યાણજી ભૂત - જામનગર
  મો. ૯૮૨૪૩ ૩૫૪૫૬

Printed & published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Kankeshwari Offset, Raipur Darwaja, Bhutni Ambli, Ahmedabad-380 001. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor :Shri Hansraj Kansara. Price : Rs. 20.00